પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૨૦૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૫-૦૪-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બીજા તબક્કા માટે આજે પ્રચાર પડઘમ શાંત, ૮૮ બેઠકો પર ૨૬ એપ્રિલે મતદાન યોજાશે

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના બીજા તબક્કાના મતદાનનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. આજે સાંજે બીજા તબક્કા માટે ચૂંટણી પ્રચાર શાંત થયો હતો અને હવે ૨૬ એપ્રિલે ૧૩ રાજ્યની ૮૮ લોકસભા બેઠકો પર મતદાન થશે. આ બેઠકોનું પરિણામ એક સાથે ૪ જૂને જાહેર કરવામાં આવશે. મતદાન શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ રીતે થઈ શકે તેના માટે ચૂંટણી પંચે પુરી તૈયારી કરી લીધી છે. બીજી તરફ ત્રીજા તબક્કાના મતદાન માટે નામ પરત ખેચવાની તારીખ સ્પષ્ટ થયા બાદ કુલ ઉમેદવારોની તસવીર પણ સ્પષ્ટ થઈ ગઈ છે. ત્રીજા તબક્કામાં ૭ મેએ ૧૨ રાજ્ય/ કેન્દ્રશાસિત પ્રદેશોની ૯૫ બેઠક પર મતદાન થશે. ત્રીજા તબક્કામાં આ ૯૫ બેઠકો માટે કુલ ૧૩૫૧ ઉમેદવાર ચૂંટણી મેદાનમાં છે. ચૂંટણી પંચ અનુસાર, ત્રીજા તબક્કાના મતદાન માટે કુલ ૨૯૬૩ નોમિનેશન ફોર્મ ભરવામાં આવ્યા હતા, તેની તપાસ બાદ માત્ર




૧૫૬૩ ફોર્મ જ યોગ્ય હતા જેમાંથી ૨૧૨ ઉમેદવારોએ પોતાનું નામ પરત ખેચી લીધુ હતું.

બીજા તબક્કામાં ક્યા રાજ્યની કઈ બેઠક પર મતદાન યોજાશે તેમાં ત્રિપુરા- ત્રિપુરા પૂર્વ,જમ્મુ કાશ્મીર- જમ્મુ લોકસભા,પશ્ચિમ બંગાળ- દાર્જિલિંગ, રાયગંજ અને બાલૂરઘાટ,આસામ- દર્રાંગ- ઉદાલગુરી, ડિફૂ, કરીમગંજ, સિલચર અને નૌગાંવ,બિહાર- કિશનગંજ, કટિહાર, પૂર્ણિયા, ભાગલપુર અને બાંકા,છત્તીસગઢ- રાજનાંદગાંવ, મહાસમુંદ અને કાંકેર,મધ્ય પ્રદેશ- ટીકમગઢ, દમોહ, ખજુરાહો, સતના, રીવા અને હોશંગાબાદ,મહારાષ્ટ્ર- બુલઢાણા, અકોલા, અમરાવતી, વર્ધા, યવતમાલ, વાશિમ, હિંગોલી, નાંદેડ અને પરભણી,ઉત્તર પ્રદેશ- અમરોહા, મેરઠ, બાગપત, ગાઝિયાબાદ, ગૌતમબુદ્ધનગર, બુલંદશહેર, અલીગઢ અને મથુરા,રાજસ્થાન- ટોંક- સવાઈ માધોપુર, અજમેર, પાલી, જોધપુર, બાડમેર, જાલોર, ઉદયપુર, બાંસવાડા, ,ચતૌડગઢ, રાજસમંદ, ભીલવાડા, કોટા અને ઝાલાવાડ- બારા,કર્ણાટક- ઉડુપી-ચિકમગલૂર, હાસન, દક્ષિણ કન્નડ, ચિત્રદુર્ગ, તુમકુર, માંડ્યા, મૈસૂર, ચામરાજનગર, બેંગલુરૂ ગ્રામીણ, બેંગલુરૂ ઉત્તર, બેંગલુરૂ સેન્ટ્રલ, બેંગલુરૂ દક્ષિણ, ચિકબલ્લાપુર અને કોલાર,કેરળ- કાસરગોડ, કન્નૂર, વડકરા, વાયનાડ, કોઝિકોડ, મલ્લપુરમ, પોન્નાની, પલક્કડ, અલાથુર, ત્રિશૂર, ચલાકુડી, એર્નાકુલમ, ઈડુક્કી, કોટ્ટાયમ, અલાપ્પુઝા, મવેલ્લિકારા, પથાનમથિટ્ટા, કોલ્લમ, અટ્ટિંગલ અને તિરૂઅનંતપુરમનો સમાવેશ થાય છે

બીજા તબક્કાના મતદાનમાં ઘણા દિગ્ગજ નેતાઓનું ભાવિ દાવ પર છે, જેમાં ભાજપના પ્રહલાદ જોશી, હેમા માલિની, ઓમ બિરલા, અરુણ ગોવિલ, નવનીત રાણા, મહેશ શર્માનો સમાવેશ થાય છે. આ સિવાય કોંગ્રેસના શશિ થરૂર અને રાહુલ ગાંધીની બેઠકો પર પણ બીજા તબક્કામાં મતદાન થશે. શશિ થરૂર તિરુવનંતપુરમથી અને રાહુલ ગાંધી કેરળના વાયનાડથી ચૂંટણી લડી રહ્યા છે.

## અન્યની બહેનો અને પુત્રીઓને નિશાન બનાવવા માટે વપરાય છે; શાહજહાં





કોલકતા,

સંદેશખાલી હિંસાના મુખ્ય આરોપી શાહજહાં શેખનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં તે રડતો જોવા મળી રહ્યો છે. કોર્ટમાં હાજરી દરમિયાન શાહજહાંએ તેના પરિવારને જોયો કે તરત જ તે રડી પડ્યો. બસીરહાટ કોર્ટથી અલીપુર પ્રેસિડેન્સી જેલ જતી વખતે શાહજહાંના પરિવારને જોઈને તેની આંખોમાં આંસુ આવી ગયા હતા. બસીરહાટ કોર્ટે શાહજહાં સહિત ૧૨ લોકોને જેલમાં રાખવાનો આદેશ આપ્યો છે. જે બાદ શાહજહાં, તેના ભાઈ શેખ આલમગીર શિબુ હઝરા અને દીદાર બક્ષ મોલ્લાને અલીપોર પ્રેસિડેન્સી જેલમાં લઈ જવામાં આવ્યા હતા અને બાકીના આઠ લોકોને બસીરહાટ જેલમાં લઈ જવામાં આવ્યા હતા.

સંદેશખાલીનો ડોન, પોલીસ વાનમાં રડતો જોવા મળે છે, તે ભૂતપૂર્વ ટીએમસી નેતા છે. જેના પર સંદેશખાલીમાં ઈડીની ટીમ પર હુમલો, મહિલાઓની જાતીય સતામણી અને રેશનકાર્ડ કૌભાંડમાં સંડોવણી જેવા અનેક ગંભીર આરોપો છે. શાહજહાં શેખ પર એવો પણ આરોપ છે કે તેણે પોતાના ગુરૂઓની મદદથી સંદેશખાલીમાં પોતાનું સામ્રાજ્ય જાળવી રાખ્યું હતું.

એક કહેવત છે કે સમય શક્તિશાળી છે, માણસ નહીં. એક સમયે સંદેશખાલી પર રાજ કરનાર ડોન જેલના સળિયા પાછળ છે. બાંગ્લાદેશથી આવીને બંગાળને પોતાનું કાર્યસ્થળ બનાવનાર શાહજહાં ચિંતિત છે. જે બદમાશ બીજાઓ પર જુલમ ગુજારતો હતો અને ગરીબી અને પરિસ્થિતિથી પીડિત મહિલાઓના આંસુ જોઈને જેનું હૃદય પીગળતું ન હતું, તે આજે પોતે જ રડી રહ્યો છે.

બીજેપી નેતા અમિત માલવિયાએ લખ્યું- ’સ્વેગ ગાયબ થઈ ગયો છે. મમતા બેનર્જીનો પોસ્ટર બોય - રેપિસ્ટ શેખ શાહજહાં દુ:ખી બાળકની જેમ રડી રહ્યો છે. ગુનેગાર અનુબ્રતો મંડલ જેલમાં છે. શૌકત, જહાંગીર ખાન અને આવા તમામ લોકોની હાલત પણ એવી જ હશે, જેમણે સમગ્ર પશ્ચિમ બંગાળમાં આતંક ફેલાવ્યો છે. જ્યારે કાયદો હાથમાં આવશે, ત્યારે તેમને બચાવવા કોઈ આવશે નહીં.

શાહજહાં શેખે બંગાળ આવીને પોતાનું ભયનું સામ્રાજ્ય સ્થાપ્યું. ખાસ કરીને ઉત્તર ૨૪ પરગણાનો સંદેશખાલી વિસ્તાર બાંગ્લાદેશની સરહદને અડીને આવેલો છે, જ્યાં શરૂઆતમાં શાહજહાં ખેતરો અને ઈંટોના ભઠ્ઠામાં મજૂર તરીકે કામ કરતો હતો. અપ્રમાણિકપણે ચાર રૂપિયા કમાયા અને ઉમેર્યા પછી, તેણે રાજકારણમાં પ્રવેશ કર્યો અને વ્હાઈટ કોલરની આડમાં તેના કાળા ગુનાઓ કરવાનું શરૂ કર્યું.

શાહજહાં શેખ પર પશ્ચિમ બંગાળના રાશન વિતરણ કૌભાંડમાં કરોડો રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ છે. ઈડીએ આ કેસમાં બંગાળના પૂર્વ મંત્રી જ્યોતિપ્રિયા મલિકની ધરપકડ કરી હતી. શાહજહાંની ધરપકડ કરવા ઈડીની ટીમ સંદેશખાલી પહોંચી ત્યારે તેના પર હુમલો થયો હતો. શાહજહાંના સમર્થકોએ એવો હુમલો કર્યો હતો જેમાં ઈડીના ઘણા અધિકારીઓ ખરાબ રીતે ઘાયલ થયા હતા.

## કોંગ્રેસ દલિતો અને પછાત વર્ગો પાસેથી આરક્ષણ છીનવીને મુસ્લિમોને આપવા માંગે છે,મુખ્યમંત્રી યોગી

લખનૌ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું કે કોંગ્રેસ અને તેના સહયોગી દલિતો અને પછાત વર્ગોને આપવામાં આવતી અનામત ઘટાડવા અને મુસ્લિમોને તેમના અધિકારો આપવા માંગે છે. તેઓ અનામતને ધાર્મિક આધાર પર વહેંચવા માંગે છે. સીએમ યોગી લખનૌમાં મીડિયાને સંબોધિત કરી રહ્યા હતા.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે કોંગ્રેસનો એક જ ઉદ્દેશ્ય છે કે કોઈપણ રીતે સત્તામાં આવે અને તેનો તાલિબાન એજન્ડા લાગુ કરે. કોંગ્રેસે અગાઉ પણ અનામત છીનવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ વ્યાપક વિરોધને કારણે તેઓ તેમની યોજનામાં સફળ થયા ન હતા. રંગનાથ મિશ્રા કમિટી અને સચ્ચર કમિટી દ્વારા, જીઝ મુસ્લિમોને જી આરક્ષણ આપવા માંગતી હતી, તેથી જ કોંગ્રેસ જાતિની વસ્તી ગણતરી કરી રહી છે જેથી તે સમાજના ફેબ્રિકને ફાડીને ચોક્કસ વર્ગને લાભ આપી શકે. કોંગ્રેસ દેશની કિંમતે સત્તા ઈચ્છે છે. કોંગ્રેસ તાલિબાન કાયદો લાગુ કરવા માંગે છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસનો ઉદ્દેશ્ય દેશમાં ટ્રિપલ તલાક અને શરિયા કાયદો લાગુ કરવાનો છે. આ માત્ર અડધી વસ્તીનું અપમાન નથી પરંતુ તેમના ખતરનાક ઈરાદાઓ પણ દર્શાવે છે. કોંગ્રેસ પોતાનો જૂનો ડીએનએ બતાવી રહી છે જેના કારણે ૧૯૪૭માં દેશનું વિભાજન થયું.

મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે ભાજપને સમાજના દરેક વર્ગના મત મળી રહ્યા છે. બીજા તબક્કામાં ૮૯ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. ૧૮ ચૂંટણીમાં પહેલીવાર દેશને પરિણામો પર વિશ્વાસ છે કારણ કે છેલ્લા ૧૦ વર્ષમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દરેક મોરચે સર્વાંગી વિકાસના કામ કર્યા છે, જેનો લાભ સૌને મળ્યો છે. વૈશ્વિક મંચ પરથી સામાન્ય જનતાની અપેક્ષાઓ પર કામ કરવામાં આવ્યું છે. સૌપ્રથમવાર સૌને કોઈપણ જાતના ભેદભાવ વિના યોજનાઓનો લાભ મળ્યો છે.દેશના ૮૦ કરોડ લોકોને રાશન અને ૫૦ કરોડ લોકોને પહેલીવાર સ્વાસ્થ્ય વીમો મળ્યો છે. પ્રથમ તબક્કાની ચૂંટણી પહેલા જનતા સમક્ષ ઠરાવ પત્ર મુકવામાં આવ્યો હતો. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોના મેનિફેસ્ટોમાં ખતરનાક ઈરાદાઓ હોય તેવું લાગી રહ્યું છે. કોંગ્રેસનું ગરીબી હટાવોનું સૂત્ર માત્ર સૂત્ર જ રહ્યું. તેમની યોજનાઓ ભ્રષ્ટાચારનો ભોગ બની હતી. તેમણે જનતાને તેમના મતનો સમજદારીપૂર્વક ઉપયોગ કરવા જણાવતાં ભાજપને મત આપવા અપીલ કરી છે.

## લેહ-મનાલી રૂટ ફરીથી ખુલ્લો મૂકાયો, પરિસ્થિતિ સામાન્ય થતાં વાહનોને પરવાનગી મળશે

મનાલી,

બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનએ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ મનાલી-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગને પૂર્વવત્ (પુનઃ સ્થાપિત) કર્યો છે. આ રૂટ પર અત્યારે કોઈ વાહનોની અવરજવર રહેશે નહીં. ટ્રાફિકને સરળ બનાવવા માટે લાહૌલ સ્પીતિ વહીવટીતંત્ર ટૂંક સમયમાં બરાલાચા પાસનું નિરીક્ષણ કરશે. જો સ્થિતિ સામાન્ય રહેશે તો વાહનોની અવરજવરને મંજૂરી આપવામાં આવશે.

રોડ પુનઃસ્થાપિત થવાથી સેના માટે સરહદ સુધી પહોંચવામાં સરળતા રહેશે. બીઆરઓએ એપ્રિલના પ્રથમ અઠવાડિયામાં ઝોજિલા પાસ દ્વારા શ્રીનગરથી લેહને સડક માર્ગે જોડ્યો હતો. પરંતુ આ માર્ગ પૂર્વવત્ કરવાથી સેના અને પ્રવાસીઓની મુસાફરી સરળ બની જશે. હિમવર્ષાના કારણે નવેમ્બરથી મનાલી-લેહ રોડ પર વાહનોની અવરજવર બંધ હતી. દેશ-વિદેશના પ્રવાસીઓ રૂટના પુનઃસ્થાપનની રાહ જોઈ રહ્યા હતા. રૂટ પર સરળ ટ્રાફિકને કારણે પ્રવાસનને વેગ મળશે. ગયા વર્ષે,બીઆરઓએ ૨૫ માર્ચે આ માર્ગને પુનઃસ્થાપિત કર્યો હતો.

આ વખતે ડિસેમ્બર અને જાન્યુઆરી કરતાં ફેબ્રુઆરી અને માર્ચમાં વધુ હિમવર્ષા થઈ છે. જેના કારણે એક મહિના બાદ રૂટ પૂર્વવત કરવામાં આવ્યો છે. બીઆરઓ કમાન્ડર ગૌરવે જણાવ્યું હતું કે મનાલી અને લેહમાંથી બરફ હટાવવામાં લાગેલી દીપક અને હિમાંક પ્રોજેક્ટની ટીમ સરચુમાં મળી હતી અને એકબીજાને અભિનંદન આપ્યા હતા. મનાલીથી સરચુ સુધી બરફ હટાવવાનું કામ બીઆરઓના દીપક પ્રોજેક્ટ અને લેહથી સરચુ સુધી હિમાંક પ્રોજેક્ટની જવાબદારી છે.

બીઆરઓએ લદ્દાખમાં હિમાંક પ્રોજેક્ટ અને હિમાચલમાં દીપક પ્રોજેક્ટ હેઠળ રોડ રિસ્ટોરેશન માટે મોટી મશીનો સાથે બે ટીમો તૈનાત કરી હતી. દીપક પ્રોજેક્ટની ટીમે મનાલીથી સરચુ (લદ્દાખ અને હિમાચલની સરહદ) સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો અને હિમાંક પ્રોજેક્ટની ટીમે લેહથી સરચુ સુધીનો રસ્તો પુનઃસ્થાપિત કર્યો. બંને ટીમોએ બરફના તોફાન અને ઊંચાઈવાળા વિસ્તારોને પાર કરતી વખતે માર્ગ પરથી બરફ સાફ કર્યો હતો. બે મહિનાની મહેનત બાદ મંગળવારે મનાલી-લેહ રોડના બંને છેડા સરચુ ખાતે જોડાયા હતા. બંને ટીમોએ અહીં લેહ માર્ગના પુનઃસ્થાપનની ઉજવણી કરી હતી. વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ૪૩૦ કિલોમીટરના મનાલી-લેહ રોડના બંને છેડાને જોડવામાં આવ્યા છે. બરાલાચા પાસનું ટૂંક સમયમાં નિરીક્ષણ કરવામાં આવશે. જો સ્થિતિ સામાન્ય થશે તો વાહનોની અવરજવરને મંજૂરી આપવામાં આવશે.

## ૧૦૦ જેટલાં ભારતીયોની વસતી ધરાવતા સુદાનમાં ભૂખમરો, એક સમયે અન્નનો કોઠાર કહેવાતો હતો

સુદાન,

સતત ચાલતા યુદ્ધ અને વહીવટી તંત્રના લગભગ અભાવે સુદાનને નિષ્ફળ રાષ્ટ્ર બનાવ્યું છે. પરિસ્થિતિ હૃદય દ્રાવક બની છે. દુનિયામાં પોતાના જ દેશમાં અગણિત લોકો નિર્વાસિત બની ગયા છે. ન તો ગાઝામાં કે ન તો યુક્રેનમાં આ પરિસ્થિતિ છે. સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરો વેઠી રહ્યા છે. પીવાનાં પાણીની પણ અસહ્ય તંગી છે. વિધિની વક્રતા તે છે કે ઈજીપ્તના ફેરોઝ કે ટોલેલી ફિલાડેલ્ફીયા કે સમાટ્ર કિલઓવેટ્રાના સમયથી ગોલ્ડન હાર્વેસ (ઘઉં) દ્વારા વિખ્યાત બની રહેલા સુદાનમાં લાખ્ખો લોકો ભૂખમરા અને પાણીની તંગીથી ટળવળી રહ્યાં છે. યુનો તેમજ અન્ય દેશો દ્વારા પણ મોકલાતી અન્ન સહાય ભૂખે ટળવળતા લાખ્ખો લોકો માટે પૂરી પડી શકે તેમ નથી. યુનો હવે વધુ ને વધુ સહાય મોકલી રહ્યું છે. આફ્રિકાના ત્રીજા સૌથી વિશાળ રાષ્ટ્રમાં આ પરિસ્થિતિ વાસ્તવમાં માનવ સર્જિત છે.

અહીં ઉત્તરે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ છે. બ્લ્યુ નાઈમથી દક્ષિણે ખ્રિસ્તી ધર્મીઓ ભારે મોટી બહુમતીમાં છે. વર્ષોથી બંને વચ્ચે સતત સંઘર્ષ ચાલે છે. ખાર્ટુમમાં લશ્કરી જુન્ટાનું શાસન છે. અહીં લોકશાહી હતી જ. તેનું સંવિધાન ઘડવા અને પંચવર્ષિય યોજનાઓ તૈયાર કરવા ભારતના સુકુમાર સેનનાં નેતૃત્વ નીચે અર્થશાસ્ત્રીઓ અને રાજ્ય શાસ્ત્રીઓનું પ્રતિનિધિ મંડળ ત્યાં ગયું હતું. તમોને ભાગ્યે જ માહિતી હશે કે ખાર્ટુમના એક રાજમાર્ગનું નામ સુકુમાર સેન માર્ગ રાખવામાં આવ્યું છે.

છેક ૧૯મી સદીમાં તે સમયે ઈજીપ્તના તાબામાં રહેલા સુદાન ઉપર બ્રિટિશરોએ તરાપ માર્યા પછી સુદાન એંગ્લો ઈજીપ્શીયન સુદાન કહેવાતું હતું. બ્રિટિશ પૈસાઉઝી ગઇ ત્યારથી ત્યાં ઉત્તરના ઈસ્લામ પંથીઓ અને દક્ષિણના ખ્રિસ્તીઓ વચ્ચે ચાલતાં અવિરામ યુદ્ધનો અંત દેખાતો નથી. લશ્કરી જુંટાએ ચૂંટાયેલી સરકારને ભ્રષ્ટ કરી સત્તા હાથમાં લીધી છે. તે સામે લોકશાહીવાદી કેટલાક શિક્ષિતોએ જનતાનું નેતૃત્વ લઇ સંઘર્ષ શરૂ કર્યો છે. આમ ઉપર દક્ષિણ, બીજી તરફ સરમુખત્યાર શાસન તથા લોકશાહી તરફી પશ્ચિમોના જંગે સુદાનમાં માનવ સર્જિત દુષ્કાળ ઉભો કર્યો છે. કરોડો લોકો ભૂખે ટળવળે છે, પાણી માટે વલખા મારે છે. તેઓ પોતાના જ દેશમાં નિર્વાસિત બની રહ્યા છે.

## રુપાલાનો વિરોધ વધતા ભાજપની વધી ચિંતા, ભાજપ વિરોધી મતદાન માટે ક્ષત્રિયોએ પ્રારંભ આંદોલન કર્યું

અમદાવાદ,

પરશોત્તમ રૂપાલાના વિવાદ મામલે ક્ષત્રિયો જરા પણ નમતુ ઝોખવાના મૂડમાં નથી.આજથી ક્ષત્રિયોએ આંદોલન પાર્ટ-૨નો પ્રારંભ થયો છે. ભાજપ વિરોધ મતદાન માટે ક્ષત્રિયોએ ધર્મરથનો સહારો લીધો છે. બીજી તરફ સુરેન્દ્રનગરમાં તો ક્ષત્રિયોના વિરોધની ચીમકી વચ્ચે ભાજપે પોતાનુ લોકસભાનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાવ્યો છે. અરવલ્લીના માલપુરમાં, ભાવનગરના પાલિતાણામાં અને આણંદના ગામોમાં ભાજપ ઉમેદવારોએ અને નેતાઓએ ક્ષત્રિયોના વિરોધનો સામનો કરવો પડ્યો છે.

સાબરકાંઠાના હિંમતનગરમાં ભાજપના દિગ્ગજ ક્ષત્રિય નેતાઓમાંના એક અને મંત્રી બળવંતસિંહ રાજપૂતના હસ્તે મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકાયું છે. બીજી તરફ ભાજપે પણ ક્ષત્રિયોના આક્રોશને શાંત કરવા પ્રયાસો તેજ કરી દીધા છે. હર્ષ સંઘવી અને સંગઠન મહામંત્રી રત્નાકરે સાબરકાંઠા, સુરેન્દ્રનગર, ભાવનગર, જામનગર, રાજકોટમાં ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક કરી છે.

ગુજરાતમાં પરશોત્તમ રુપાલાનો વિરોધ દિવસે દિવસે વધુ વકરી રહ્યો છે. ત્યારે રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલાએ ઉમેદવારી નોંધાવાતા રાજયભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ નોંધાવામાં આવી રહ્યો છે.

સુરેન્દ્રનગરમાં ક્ષત્રિયોના વિરોધની ચીમકી વચ્ચે ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખાલી કરાયું છે. લોકસભા ચૂંટણી માટે બનાવામાં આવેલ કાર્યાલય ખાલી કરવામાં આવ્યુ છે.ક્ષત્રિય સમાજના યુવકોએ અલ્ટીમેટમ આપ્યું હતુ. ક્ષત્રિય સમાજની જગ્યામાં કાર્યાલય ખોલ્યું હતુ. વિરોધની વાત વચ્ચે કાર્યાલય અન્ય સ્થળે લઈ જવાયુ છે.

બીજી તરફ સુરેન્દ્રનગરમાં ભાજપ વિરૂદ્ધ પ્રચાર કરવા ધામાથી ક્ષત્રિય અસ્મિતા ધર્મરથનો પ્રારંભ કરાયો . સતત ૩ દિવસ સુધી સુરેન્દ્રનગર જિલ્લાના ૩૦ થી વધુ ગામોમાં ક્ષત્રિય અસ્મિતા ધર્મરથ ફરશે અને ભાજપના વિરોધમાં પ્રચાર કરશે તેવુ સમાજના આગેવાનોનું કહેવુ છે.

## ભાવનગર વોટર વર્કસ વિભાગમાં એક મહીનામાં ૩૨૫ જેટલી પાણીની ફરિયાદ

ભાવનગર,

ઉનાળાની ગરમીમાં પાણી સમસ્યા વધુ જોવા મળતી હોય છે તેથી ઉનાળામાં સરકારી તંત્રને દોડધામ વધી જતી હોય છે, આવુ જ ચિત્ર હાલ ભાવનગર મહાપાલિકાના વોટર વર્કસ વિભાગમાં જોવા મળી રહ્યુ છે. વોટર વર્કસ વિભાગમાં છેલ્લા એક માસથી પાણીની ફરિયાદ વધી છે, જેના કારણે વોટર વર્કસ વિભાગના સ્ટાફની કામગીરી વધી ગઈ છે. ઉનાળામાં પાણી માંગ વધતા દર વર્ષે પાણી પ્રશ્ન જોવા મળતો હોય છે.

ભાવનગર શહેરમાં છેલ્લા એક માસથી ઉનાળાની આકરી ગરમી પડી રહી છે અને ગરમી વધતા પાણીનો પોકાર શરૂ થઈ જતો હોય છે. શહેરમાં રોજ પીવાના પાણીની ૧૦થી ૧૨ ફરિયાદ વોટર વર્કસ વિભાગને મળી રહી છે. છેલ્લા એક માસમાં આશરે ૩૨૫ જેટલી પાણીની ફરિયાદ તંત્રને મળી છે અને તંત્ર દ્વારા પાણી પ્રશ્ન હલ કરવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. પાણી ઓછુ આવી રહ્યુ છે, સમયસર પાણી આવતુ નથી સહિતની ફરિયાદ તંત્રને મળતી હોય છે તેથી તંત્ર દ્વારા સ્થળ પર જઈ તપાસ કરવામાં આવે છે અને પ્રશ્ન હલ કરવા પ્રયત્ન કરવામાં આવતા હોય છે. ઘણી સમસ્યા હલ થઈ જતી હોય છે, જયારે કેટલીક સમસ્યા હલ ના થતી હોવાની ચર્ચા સાંભળવા મળી રહી છે. ઉનાળામાં પાણીનો વપરાશ વધી જતો હોય છે તેથી પાણી વગર લોકોને ચાલતુ નથી પરંતુ ઉનાળામાં જ પાણી ઓછુ આવતા લોકોમાં કચવાટ ફેલાતો હોય છે. પાણી સમસ્યા ના સર્જાય તે માટે તંત્ર દ્વારા દર વર્ષે આયોજન કરવામાં આવે છે પરંતુ તેમ છતા થોડી થોડી પાણીની ફરિયાદ રહેતી જ હોય છે. ભાજપ અને કોંગ્રેસના કેટલાક નગરસેવકો દ્વારા પણ પાણીની ફરિયાદ કરવામાં આવી હોવાનુ જાણવા મળેલ છે, જેના પગલે તંત્રની દોડધામ વધતી હોય છે. છેવાડા વિસ્તારમાં પાણી સમસ્યા વધુ હોય છે તેથી આ લોકોની મૂશ્કેલી વધી જતી હોય છે. પાણી પ્રશ્ન તત્કાલ હલ કરી લોકોને પુરતુ પાણી મળે તેવુ મનપાએ આયોજન કરવુ જરૂરી છે.

ભાવનગર શહેરમાં પાણી સમસ્યા અંગેની ફરિયાદ વધતા લોકોની પરેશાની વધી છે. આ અંગે મનપાના વોટર વર્કસ વિભાગના અધિકારી ફાલ્ગુન શાહને પુછતા તેઓએ જણાવ્યુ હતુ કે, પાણી અંગેની વ્યકિતગત ફરિયાદ વધુ આવે છે તેથી સ્ટાફને સ્થળ પર મોકલી સમસ્યા હલ કરવામાં આવતી હોય છે. આખા વિસ્તારમાં પાણી ના આવતુ હોય તેવી ફરિયાદ નથી. અત્યાર સુધીમાં આવેલ મોટાભાગની ફરિયાદોનો નિકાલ કરવામાં આવેલ છે.

ભાવનગર શહેરને બોરતળાવ, શેત્રુંજી ડેમ, મહીપરીએજ વગેરેમાંથી પીવાનુ પાણી આપવામાં આવી રહ્યુ છે પરંતુ હાલ તમામ તળાવ-જળાશયોમાં પુરતુ પાણી છે તેથી પાણી ઘટ પડે તેવુ નથી. પીવાના પાણીનો હાલ પુરતો જથ્થો હોવાથી તંત્ર અને લોકોને રાહત છે પરંતુ આયોજનના અભાવે પાણી સમસ્યા સર્જાતી હોય છે તેમ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. પાણીનો પુરતો જથ્થો હોય પાણી પ્રેસરથી આપવુ જરૂરી છે તેમ જાગૃત નાગરીકો જણાવી રહ્યા છે.

## કાયમી નથી રહેવાનું તમારા આકાઓનું રાજ,પોલીસને કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરની ચીમકી

પાલનપુર,

લોકસભાની ચૂંટણીઓ જેમ જેમ નજીક આવી રહી છે તેમ તેમ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાઈ રહ્યો છે. એક તરફ આકરો ઉનાળો અને તેનો તાપ, તો બીજી તરફ ચૂંટણીના માહોલમાં રાજકીય ગરમાગરમીએ વધારી દીધું છે ગુજરાતનું તાપમાન. એક બાદ એક ગુજરાત કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ ગુજરાત પોલીસ પર સાધી રહ્યાં છે નિશાન. પોલીસ તંત્રની કામગીરી પર કોંગ્રેસના નેતાઓને નથી રહ્યો ભરોસો.

બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે જાહેરમાં ગુજરાત પોલીસને આપી ચીમકી. ગેનીબેન ઠાકરે જણાવ્યુંકે, તમે જેવા છો એવા થતાં અમને વાર નહીં લાગે. કોંગ્રેસના આગેવાનોને ધાકધમકી આપવાની કોઈ જરૂર નથી, પોલીસનું કામ નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે.

બનાસકાંઠાથી કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ફરીથી પોલીસને આપી ગર્ભિત ધમકી. પોલીસ કોંગ્રેસના આગેવાનોના નંબરો લેવા લોકોને ફોન કરી રહી છે તો જેના ઉપર પોલીસના ફોન આવે એ નંબરો રાખજો. હું પોલીસને કહું છું કે તમારું કામ કાયદો અને વ્યવસ્થા જાળવવાનું છે નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે. તમારી સામે કોઈ ફરિયાદ કરે તો તેની સામે એક્શન શું લેવા એ તમારી જવાબદારી છે. કોઈ કોંગ્રેસના આગેવાનોના ફોન લઈને એનું કલેક્શન કરવાની અને ધાક ધમકી આપવાની જરૂર તમારે નથી. અમારા મતદારો બેઠા છે તમને કહું છું ૧૦ કે ૧૫ ફરિયાદો થાય તો તૈયારી રાખજો. એમાં કોઈ થવાનું નથી. જો પોલીસવાળા ગામમાં આવીને દમ દાટી આપતા હોય તો એમને કહેજો આ તમારા આકાઓનું રાજ કાયમી રહેવાનું નથી.

કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે પોલીસ પર આકરા પ્રહાર કરતા વધુમાં જણાવ્યુંકે, ૮મી તારીખ સુધી તમને સારી જગ્યાએ નોકરીએ મુકવાની વાત કરશે, તમને ફુલાવશે. પણ નોકરી તમારે ૫૮ વર્ષ સુધી કરવાની છે. તમને પગાર કોઈ ભાજપ નથી આપતી તમને પ્રજાના પરસેવાનો પગાર મળે છે લોકોના ટેક્ષના પૈસાનો પગાર મળે છે. અમે ગાંધીજી વિચારધારા વાળા છીએ કાયદાને સન્માન આપીએ છીએ તો પણ તમે કાયદાનું ભંગ કરીને કોઈને દબાવવાનો પ્રયાસ કરશો તો તમે જેવા છો એવા અમને થતાં વાર લાગશે નહિ. પાલનપુરના સામઢી ગામે સભામાં ગેનીબેન ઠાકોરે પોલીસને આપી ચીમકી. ગેનીબેન ઠાકોર વહીવટી તંત્ર અને પોલીસને અગાઉ પણ આપી ચુક્યા છે ગર્ભિત ધમકી.

લોકસભા ચૂંટણી પહેલા કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે તંત્ર પર આરોપ લગાવ્યા છે કે, પોલીસ તંત્ર મતદાતાઓને ધમકાવી રહ્યું છે. આવા મતદાતાઓને ધમકાવતા તંત્ર સામે અવાજ ઉઠાવવા કોંગ્રેસના વોર રૂમનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે. મારી પાસે આવી અનેક રજૂઆત આવી હોવાનું શક્તિસિંહ ગોહિલે ધમકી આપી છે.

શકિતસિંહના આ આરોપોનો યમલ વ્યાસે જવાબ આપ્યો છે. યમલ વ્યાસે કહ્યું કે, આખુ તંત્ર ચૂંટણી પંચના હવાલે છે. અને આવું કાંઈ હોય તો ચૂંટણી પંચને ફરિયાદ કરવી જોઈએ. કોંગ્રેસ આવું કરી લોકો ઓછું મતદાન કરે એવું રહ્યા છે. હાર ભાઈ ગયેલી કોંગ્રેસ હવે જાતજાતના કાવાદાવા કરી રહી છે. કોંગ્રેસ ખોટા આરોપો લગાવીને ભાજપને બદનામ કરવાનો પ્રયાસ કરી રહી છે.

## ૨૩ દિવસ સુધી ઈન્સ્યુલિન કેમ ન અપાયું, કેજરીવાલના સ્વાસ્થ્ય સાથે કેમ રમત રમાઈ? , આપે પ્રદર્શન કર્યું

નવીદિલ્હી,

તિહાર જેલમાં બંધ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ અને તેમને ઈન્સ્યુલિન ન આપવાના વિરોધમાં આમ આદમી પાર્ટીની ડોક્ટર વિંગ અને નેતાઓએ વિરોધ કર્યો. આપ ડૉક્ટર વિંગે ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને લોકોને ’જેલનો જવાબ વોટથી’ આપવા જાગૃત કર્યા.

પૂર્વ દિલ્હી લોકસભા સીટ પરથી આપના ઉમેદવાર કુલદીપ કુમારે કહ્યું કે ભાજપ નિષ્પક્ષ ચૂંટણીઓથી ભાગી રહી છે, તેથી જ તે દિલ્હીના પુત્ર અરવિંદ કેજરીવાલને કોઈપણ પુરાવા અને વસૂલાત વગર જેલમાં પુરી રહી છે. ભાજપે જણાવવું જોઈએ કે શા માટે મુખ્યમંત્રીના સ્વાસ્થ્ય સાથે રમત રમાઈ રહી છે અને તેમને ૨૩ દિવસ સુધી ઈન્સ્યુલિન કેમ આપવામાં આવ્યું નથી?

આપ ઉમેદવારે કહ્યું કે ભાજપ જેલની અંદર અરવિંદ કેજરીવાલને મારવાની કોશિશ કરી રહી છે, દિલ્હીની જનતા તેનો જવાબ વોટથી આપશે. કેજરીવાલે દિલ્હીની જનતાને મફત વીજળી, પાણી, ઉત્તમ સ્વાસ્થ્ય, શિક્ષણ, મહિલાઓને બસની મુસાફરી સહિત અનેક સુવિધાઓ આપી છે.

મહિસાગર, ખેડા આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા, નડીયાદ, કપડવંજ, કઠલાલ, ઠાસરા, માતર
પંચમહાલ સમાચાર

# ખાનપુરના કોલંબી ગામે કડાણા જમણા કાંઠાની કેનાલની માઈનોર કેનાલમાં ઝાડી ઝાંખરા અને લીકેજ

મલેકપુર,
ખાનપુર તાલુકાના કોલંબી ગામે ખેડુતોને ખેતી વિષયક ખેતી માટે પાણી પહોંચાડતી કડાણા જમણાં કાંઠા મેઈન કેનાલમાંથી જોડાણ આપેલ મિની માઈનોર કેનાલમાં ઝાડી ઝાંખરા અને ઠેકઠેકાણે લીકેજના દ્રશ્યો સામે આવી રહ્યા છે.

કોલંબી પ્રાથમિક શાળાની બાજુમાં આવેલ ખેતરમાં ખેતી વિષયક અંદર ગ્રાઉન્ડ લાઈનમાં મોટા પાયે લીકેજ સર્જાય છે.અને એટલુંજ નહીં માઈનોર કેનાલ (ઢાળીયા)ની ટાંકીઓ પણ તુટી જવાથી આસપાસના ખેતરોમાં પાણી ભરાઈ જઈને પાકને નુકસાન થવાની ભીતી સેવાઈ રહી છે. ત્યારે આ અંગે સિંચાઈ વિભાગ દ્વારા લીકેજ તથા ઝાડી ઝાંખરા જંગલી વનસ્પતિ દુર કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ખાનપુર તાલુકાના કોલંબી ગામના ખેડૂતોના ખેતરો સુધી ખેતી માટે પાણી પહોંચાડવા સિંચાઈ વિભાગ દ્વારા અંદર ગ્રાઉન્ડ લાઈનો તેમજ માઈનોર કેનાલ જેવી સગવડો ખેડૂતો માટે આશીર્વાદરૂપ છે.

પરંતુ છેલ્લા લાંબા સમયથી આ કોલંબી માર્ગની અડકીને અને પ્રાથમિક શાળાની બાજુના ખેતરોમાં આવા લીકેજ તેમજ તુટેલી પાણીની ટાંકીઓના લીધે મોટા જથ્થામાં પાણીનો દુર્વ્યય થતો જોવાઈ રહ્યો છે. તેમજ અહીં જાગ્રુત નાગરિકોના જણાવ્યા અનુસાર રાત્રીના સમયે કેટલાક ખેડૂતો દ્વારા માઈનોર કેનાલના ગેટ બીન જરૂરી વગર ખુલ્લા મુકાતાં મોટા પાયે પાણીનો દુર્વ્યય થઈ રહ્યો છે. જેને કારણે ખેતરોમાં પાકને નુકસાનની ભીતી સેવાઈ રહી છે. ત્યારે આ અંગે સિંચાઈ વિભાગ દ્વારા કોઈ કર્મચારીને સ્થળ પર હાજર રહી યુધ્ધના ધોરણે આવા લીકેજ થતાં તુટી ગયેલી પાણીની ટાંકીઓની મરામત તેમજ ઝાડી ઝાંખરાની વહેલી તકે સાફ સફાઈ હાથ ધરવામાં આવે તેવી માંગ છે.

# સંતરામપુર એસ.ટી.બસ સ્ટેન્ડમાં પાણીની પરબ પાસે અજાણી વ્યકિતને ખેંચ આવતા મોત

સંતરામપુર,
સંતરામપુર એસ.ટી.બસ સ્ટેન્ડ ઉપર એક અજાણ્યો પુરૂષ પાણીની પરબ ઉપર પાણી પીવા જતાં અચાનક ખેંચ આવતા બેભાન થઈ ગયો હતો. જે બાદ સારવાર માટે હોસ્પિટલ લઈ જતાં સારવાર દરમિયાન મોત નીપજયું હતુ.

સંતરામપુર એસ.ટી.બસ સ્ટેન્ડ પર એક અજાણ્યા પુરૂષ(ઉ.વ.૩૬)સંતરામપુર એસ.ટી.સ્ટેન્ડના પ્લેટફોર્મ નં.-૧ ઉપર આવેલ પાણીની પરબ પાસે પાણી પીવા જતા અચાનક ખેંચ આવતા બેભાન થઈ ગયો હતો. સંતરામપુર ડેપોના ફરજ પરના એ.ટી.આઈ.હિતેન્દ્રસિંહ મકનસિંહ પુવારે ૧૦૮નો સંપર્ક કરી અજાણી વ્યકિતને વધુ સારવાર માટે સંતરામપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ અજાણી વ્યકિતનુ સારવાર દરમિયાન મોત નીપજયું હતુ. જેની જાણ સરકારી હોસ્પિટલ સંતરામપુર દ્વારા સંતરામપુર પોલીસ સ્ટેશન ખાતે કરતા સંતરામપુર પોલીસે આ બનાવમાં અકસ્માત મોત અન્વયુ ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને પી.એમ.કરાવી તેના વાલી વારસોની તપાસ અંગે મૃતદેહને ગોધરા સિવિલ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખી છે. મૃતક ઈસમે શરીરે ભુખરા કલરનુ ડીઝાઈનવાળુ આખી બાંયનુ શર્ટ તથા કમરે કાળા કલરનો પેન્ટ પહેરેલ છે.

# જીલ્લા ચૂંટણી અધિકારી અધ્યક્ષતામાં મતદાન જાગૃતિના પ્રચાર-પ્રસાર હેતુ ખેડા જીલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફલુએન્સર્સ સાથે બેઠક યોજાઈ



નડિયાદ,
જીલ્લા ચૂંટણી અધિકારી અને જીલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં મતદાન જાગૃતિના પ્રચાર-પ્રસાર હેતુ ખેડા જીલ્લાના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ સાથે કલેક્ટર કચેરી નડિયાદ ખાતે બેઠક યોજાઈ. જેમાં ખેડા જીલ્લાના ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ, અને ફેસબુકમાં ફોલોઅર્સની મોટી સંખ્યા ધરાવતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ જોડાયા હતા અને મતદાન જાગૃતિના સંદેશનો સક્રિયપણે પ્રચાર-પ્રસાર કરવા સંમત થયા હતા.

આ પ્રસંગે જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવે જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ પાસે અભિવ્યક્તિની એક આગવી શૈલી હોય છે. વધુમાં, તેઓનું સામાન્ય જનતા સાથે સંપર્કક્ષેત્ર વિશાળ હોવાથી મતદાનના મહત્વ વિશે વધુ સારી રીતે સમજાવી શકાય છે. ત્યારે ખેડા જીલ્લાના આ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ તેમની આગવી શૈલીના ઉપયોગ અને આદર્શ આચારસંહિતાનું પાલન કરી મતદાન જાગૃતિના કાર્યમાં સહભાગી થાય તેવી જીલ્લા ચૂંટણી અધિકારીએ અપીલ કરી હતી.

વધુમાં, જીલ્લા વિકાસ અધિકારીએ પણ લોકશાહી વ્યવસ્થામાં મતદાનનું મહત્વ સમજાવી મતદાન પ્રક્રિયાની સકારાત્મક બાબતોનો પ્રચાર-પ્રસાર કરવા વિનંતી કરી હતી. ઉપરાંત, સ્વીપ નોડલ કલ્પેશ રાવલ દ્વારા જીલ્લામાં ચાલી રહેલા મતદાન જાગૃતિના વિવિધ કાર્યક્રમો વિશે ઈન્ફ્લુએન્સર્સને માહિતગાર કરવામાં આવ્યા હતા.

આ મીટીંગમાં જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવા, અધિક નિવાસી કલેક્ટર ભરત જોષી, નાયબ ચૂંટણી અધિકારી કુસુમબેન પ્રજાપતિ, સોશિયલ મીડિયા નોડલ નિત્યા ત્રિવેદી, નડિયાદ પ્રાંત અધિકારી કલ્પેશ સુવેરા, મહુધા પ્રાંત અધિકારી વિમલ ચૌધરી અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર્સ હાજર રહ્યા હતા.

# વિરપુરના રતનકુવા પાટીયા પાસે કારને ઓવરટેક કરતા જતાં વાનની ટક્કરે બાઈક ચાલકનુ મોત

વિરપુર,
મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના રતનકુવા પાટીયા પાસે સ્વિફ્ટ કાર, મારૂતિ વાન અને બાઈક વચ્ચે સર્જાયેલા ટ્રીપલ અકસ્માતમાં બાઈક સવારનુ ઘટના સ્થળે કરૂણ મોત નીપજયું હતુ. જયારે અન્ય વ્યકિતઓને ઈજાઓ પહોંચી હતી.

રતનકુવા પાટીયા પાસે વિરપુરથી બાલાસિનોર તરફ જઈ રહેલી સ્વિફ્ટ કારને ઓવરટેક કરીને આગળ નીકળેલી મારૂતિવાનના ચાલકે સામેથી આવી રહેલી બાઈકને અડફેટે લેતા બાઈક ચાલક અને પાછળ બેસેલી મહિલા હવામાં ફંગોળાઈ રોડ પર પટકાયા હતા. જેમાં બંનેને ગંભીર ઈજા થતાં બાઈક ચાલક સુરેશભાઈ રાયજીભાઈ પરમાર(રહે.લાડવેલ, કઠલાલા)નુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે પાછળ બેસેલી મહિલાને ઘુંટણમાં ઈજાઓ પહોંચી હતી. જયારે વાન ચાલકે સ્વિફ્ટ કાર સાથે પણ અથડાઈ હતી. બનાવને પગલે લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. તેમજ પોલીસને જાણ કરાતા પોલીસનો કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ બંને ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં ફરજ પરના તબીબે સુરેશભાઈને મૃત જાહેર કર્યા હતા. પોલીસે મૃતદેહનો કબ્જો લઈ પી.એમ.અર્થે મોકલી મારૂતિ વાનના ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

# પદ્મ ડો પ્રવીણ દરજીએ મતદારોને અચૂક મતદાનની કરી અપીલ



મહીસાગર,
લોકસભાની સામાન્ય ચૂંટણી અન્વયે મહીસાગર જીલ્લામાં મહત્તમ મતદાન થાય અને જીલ્લાના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીના આ પર્વમાં સહભાગી બને તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર નેહાકુમારીના માર્ગદર્શન હેઠળ જીલ્લાના વિવિધ વિસ્તારોમાં મતદાર જાગૃતિ માટે અનેકવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે.

ત્યારે જીલ્લાના જાણીતા વ્યકિતઓ પણ સામાજીક જવાબદારીના ભાગરૂપે મતદાર જાગૃતિ અંગે સંદેશ પ્રસરાવી રહ્યા છે. એમિરિટસ પ્રોફેસર અને ૧૫૧થી વધુ પુસ્તકોના સાહિત્ય સર્જક પ્રસિદ્ધ સાહિત્યકાર પદ્મ ડો પ્રવીણ દરજીએ લોકશાહીના પર્વમાં અચૂક મતદાનની અપીલ કરતાં જણાવ્યું હતું કે આપ જાણો છો કે ૭મી મે ૨૦૨૪ના રોજ લોકસભાની ચૂંટણી આવી રહી છે. ચૂંટણી લોકશાહીનું સૌથી મોટું પર્વ છે આપણે એ પણ જાણીએ છીએ કે વિશ્વનું સૌથી મોટું લોકતંત્ર ભારત છે, ભારતીય લોકશાહી છે. આપણે એ દેશના ગૌરવવંતા નાગરિકો છીએ નાગરિક તરીકે આપણને સૌને જે મતાધિકાર મળ્યો છે તેનો સાચો ઉપયોગ કરવાનો દિવસ એટલે ચૂંટણી મહોત્સવ. આવો આપણે એ દિવસે આપણા પવિત્ર મતનો અધિકારપૂર્વક ઉપયોગ કરીએ ઈચ્છિત સરકાર પસંદ કરી અને લોકશાહીના પાયાને વધુ મજબૂત કરીએ.

# ખાનપુરના ભુવાબાર ગામે વંટોળમાં લગ્ન મંડપ ઉડતા ચાર ને ઈજાઓ

ખાનપુર,
ખાનપુર તાલુકાના ભુવાબાર ગામે રહેતા બારીયા સોમાભાઈ ભુરાભાઈને ત્યાં લગ્ન રાખવામાં આવ્યુ હતુ જેમાં મોર તલાવ ગામેથી જાન આવી હતી. બાંધેલા મંડપમાં ૧૦૦થી વધુ લોકોની ઉપસ્થિતિમાં લગ્નવિધિ ચાલી રહી હતી. તે દરમિયાન અચાનક ધુળની ડમરી સાથે હવાનુ વંટોળ આવ્યુ હતુ. અને મંડપમાં હવાને બહાર જવાની જગ્યા ન મળતા મંડપ હવામાં ઉડીને પડતા નાસભાગ મચી જવા પામી હતી. બુમાબુમ વચ્ચે મંડપ પડવા લગ્નમાં આવેલા જાનૈયાઓ માલીવાડ ભુરાભાઈ રૂપાભાઈ, માલીવાડ શાંતાબેન શિવાભાઈ, માલીવાડ વાલાભાઈ સોમાભાઈ, તથા બારીયા પ્રેમિલાબેન શિવાભાઈને ઈજાઓ થતાં તેઓને સારવાર અર્થે લુણાવાડા સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

# જનરલ ઓબ્ઝર્વર અને જીલ્લા ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ઈવીએમ મશીનનું સેકન્ડ રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું



નડિયાદ,
લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪નું મતદાન સમગ્ર ગુજરાત રાજયની સાથે ખેડા જીલ્લામાં પણ ત્રીજા તબક્કામાં આગામી મે મહિનાની ૭મી તારીખે યોજાનાર છે. ત્યારે સમગ્ર ખેડા જીલ્લામાં ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. જેના ભાગરૂપે ૧૭- ખેડા લોકસભા માટે નિમાયેલા જનરલ ઓબ્ઝર્વર શશી પ્રકાશ ઝા અને જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં સેકન્ડ ઈલેક્ટ્રોનિક રેન્ડમાઈઝેશન કલેક્ટર કચેરી, નડિયાદ ખાતે હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં હરીફ ઉમેદવારો અને ચૂંટણી એજન્ટોની ઉપસ્થિતિમાં સેકન્ડ ઈવીએમ રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી તથા ખેડા લોકસભા મતવિસ્તારની દસક્રોઈ, ધોળકા, માતર, નડિયાદ, મહેમદાવાદ, મહુધા, અને કપડવંજ બેઠકો પર બે વાર ઈવીએમ રેન્ડમાઈઝેશન કરી સમગ્ર પ્રક્રિયાને ફાઈનલાઈઝ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જનરલ ઓબ્ઝર્વર શશી પ્રકાશ ઝાએ ક્રિટીકલ મતદાન બુથ પર માઈક્રોઓબ્ઝર્વરની નિમણુક દ્વારા સમગ્ર મતદાન બુથ મેનેજમેન્ટની પ્રક્રિયાને વધુ સુદ્રઢ બનાવવા સુચન કર્યુ હતુ.

આ બેઠકમાં અધિક નિવાસી કલેક્ટર ભરત જોષી, ઈવીએમ નોડલ મનીષા બ્રહ્મભટ્ટ, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુસુમ પ્રજાપતિ, હરીફ ઉમેદવારો અને ચૂંટણી એજન્ટો, મદદનીશ ચૂંટણી અધિકારીઓ સહિત ચૂંટણીશાખાના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે રીક્ષા રેલી થકી મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો



મલેકપુર,
લોકસભા સામાન્ય ચુંટણી ૭ મી મે નાં રોજ યોજાનાર છે ત્યારે જીલ્લા કલેકટર નેહા કુમારી નાં માર્ગદર્શન હેઠળ વિવિધ કાર્યક્રમો થકી જીલ્લામાં મહત્તમ મતદાન થાય તે માટે પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

ત્યારે આજ રોજ નિવાસી અધિક કલેક્ટર સી વી લટાના હસ્તે લુણાવાડા કલેકટર કચેરી કમ્પાઉન્ડ ખાતેથી અંદાજીત ૨૦૦ થી વધુ રિક્ષારેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી આ રેલી લુણાવાડા નાં વિવિધ વિસ્તારોમાં ફરી મતદાન જાગૃતિ સંદેશો પ્રસરાવશે સાથે રિક્ષા ચાલકો પણ મતદાન જાગૃતિ અભિયાનમાં જોડાઈ જે કોઈ પેસેન્જર તેમની રિક્ષામાં મુસાફરી કરશે તેમણે ૭ મે ના દિવસે અચૂક મતદાન કરવા જાગૃત કરવામાં આવશે. આ ઉપરાંત રિક્ષા ચાલકોએ અચૂક મતદાનના શપથ લીધા હતા.

આ કાર્યક્રમમાં નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી એમ.એસ.મનાત, જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક સી એન ભાભોર, પ્રાંત અધિકારી આનંદ પાટીલ, જીલ્લા શિક્ષણ અધિકારી નૈલેશ મુનિયા, જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અવનીબા મોરી સહિત સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જો અમેરિકા વૈશ્વિક મંચ પરથી ખસી જાય તો વિશ્વનું નેતૃત્વ કોણ કરશે ટ્રમ્પ પર નારાજ બિડેન

વોશિંગ્ટન,
અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે લગભગ સાત મહિના બાકી છે. આવી સ્થિતિમાં નેતાઓ વચ્ચે શબ્દયુદ્ધ ચાલી રહ્યું છે. તાજેતરમાં ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા આપવામાં આવેલા નિવેદન પર રાષ્ટ્રપતિ જો બિડેન ગુસ્સે થયા હતા. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિને સખત ઠપકો આપ્યો અને લોકોને પૂછ્યું કે જો અમેરિકા વિશ્વ મંચ પરથી ખસી જશે તો વિશ્વનું નેતૃત્વ કોણ કરશે.ટામ્પા, ફ્લોરિડામાં એક પ્રચાર કાર્યક્રમમાં બોલતા, બિડેને પૂછ્યું, 'આ રીતે વિચારો - જો યુનાઈટેડ સ્ટેટ્સ વિશ્વ મંચ પરથી ખસી જાય, જેમ ટ્રમ્પ ઇચ્છે છે, તો વિશ્વનું નેતૃત્વ કોણ કરશે? દુનિયાનું નેતૃત્વ કોણ કરશે?'બિડેને કહ્યું, 'હાલમાં જે થઈ રહ્યું છે તેમાંથી એક એ છે કે હું અન્ય દેશોના વડાઓ સાથેની દરેક આંતરરાષ્ટ્રીય બેઠકમાં ભાગ લે છે, પછી તે ૨૭ હોય કે ૨૨૦. તમામ ઈન્ટરનેશનલ મીટિંગમાં લગભગ બધા મારી પાસે આવ્યા અને મને કહ્યું કે તમારે જીતવું પડશે. કોઈ મને મારા કારણે જીતવાનું કહેતું નથી, પણ વિકલ્પને કારણે. તે કહે છે - કારણ કે મારી લોકશાહી તેના પર નિર્ભર છે, જેનો અર્થ તેમની લોકશાહી છે.રાષ્ટ્રપતિએ આગળ કહ્યું, 'આખું વિશ્વ જોઈ રહ્યું છે, અને તેઓ જોઈ રહ્યા છે કે આ ચૂંટણીમાં આપણે પોતાને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ. માત્ર આપણે જીતીએ છીએ કે નહીં તેના પર નહીં, પરંતુ આપણે આપણી જાતને કેવી રીતે હેન્ડલ કરીએ છીએ તેના પર. મારા માટે એક બાબત, હું નાનો હતો ત્યારે નાગરિક અધિકાર ચળવળમાંથી ચૂંટણીના રાજકારણમાં સામેલ થયો હતો. તે બધું એક સમયે એક વ્યક્તિ દ્વારા ગોઠવવામાં આવ્યું હતું.'

બિડેને તેમના સમર્થકોને કહ્યું કે તેમની ઝુંબેશ મહાન કામ કરી રહી છે અને અત્યાર સુધીમાં લગભગ અડધા અબજ ડોલર એકત્ર કર્યા છે. તેણે કહ્યું, 'હું ખૂબ જ ઉત્સાહિત છું. અમે અત્યાર સુધીમાં લગભગ અડધા અબજ ડોલર ઊભા કર્યા છે. પરંતુ અહીં જે વાત મને ઉત્સાહિત કરે છે તે એ છે કે અમારી પાસે ૧૬ લાખ યોગદાનકર્તાઓ છે. એટલે કે આ વખતે ગત વખત કરતાં ૫૫૦,૦૦૦ વધુ છે. પરંતુ અહીં સોદો છે, તે ૧.૬ મિલિયનમાંથી ૯૭ ટકાએ ઈ૨૦૦ કરતાં ઓછું યોગદાન આપ્યું છે.તેમણે એમ પણ કહ્યું કે તાજેતરની ચૂંટણીમાં તે ટ્રમ્પ કરતા આગળ છે. તેમણે કહ્યું, 'છેલ્લી ૨૩ રાષ્ટ્રીય ચૂંટણીઓમાં, હું તેમાંથી ૧૦માં આગળ રહ્યો છું, ટ્રમ્પ આઠમાં આગળ રહ્યા છે અને અમે પાંચમાં ટાઈ રહ્યા છીએ. વધુ મહત્ત્વની વાત એ છે કે ચૂંટણીની લહેર અમારી તરફેણમાં છે."હું જે કહું છું તે એ છે કે લોકો સાંભળવા લાગ્યા છે," તેણે કહ્યું. બિડેને કહ્યું કે આ ચૂંટણી મૂળભૂત, જૂના જમાનાની ચૂંટણી છે.

# સુરતમાં પોલીસે કુખ્યાત મીંડી ગેંગના ત્રણ ઈસમોને પિસ્તોલ સાથે ઝડપી પાડ્યા

સુરત,
સુરત એસોજી પોલીસે અઠવા વિસ્તારની કુખ્યાત મીંડી ગેંગના ત્રણ ઈસમોને પિસ્તોલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓ પાસેથી પોલીસે એક પિસ્તોલ એક કાર અને મોબાઈલ મળી ૭.૩૦ લાખથી વધુની મતાનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે એસ.ઓ.જી પોલીસ પાસેથી મળતી માહિતી મુજબ શહેરમાં ગેરકાયદે હથિયારો રાખી લોકોમાં ખોટો રોફ જમાવી ભયનું વાતાવરણ ઊભું કરતા આરોપીઓ વિરુદ્ધ અને ટપોરી ગેંગના સાગરીતો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાના આદેશ સુરત પોલીસ કમિશનરે આપ્યા છે, જે અનુસંધાને એસ.ઓ.જી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી.

આ દરમિયાન બાતમી મળી હતી કે અઠવા વિસ્તારની કુખ્યાત મીંડી ગેંગના આરોપીઓ કોર્ટમાંથી જામીન મેળવી બહાર આવ્યા છે અને પિસ્તોલ લઈને ફરી રહ્યા છેપજે બાતમીના આધારે આજે વહેલી સવારે લસકાણા પાટીયા પાસે વોચ ગોઠવી હતીપઆ દરમિયાન પોલીસે ફિલ્મી ઢબે આરીફ મીંડીના પુત્ર મોહમ્મદ કેઝર ઉર્ફે મીંડી મોહમ્મદ આરીફ ઉર્ફે આરીફ મીંડી અને આદિલ હુસેન ઝાકીર હુસેન શેખ અને નદીમ હુસેન ઉર્ફે મંજરા જાકીર હુસેન શેખની ધરપકડ કરી છે. પકડાયેલા આરોપીઓ પાસેથી પોલીસે એક પિસ્તોલ જેની કિંમત ૫૦,૦૦૦ છે. આ ઉપરાંત એક મોબાઈલ અને એક કાર મળી ૭.૩૦ લાખથી વધુની મત્તા કબજે કરી છે. આરોપીઓ વિરુદ્ધ સરથાણા પોલીસ મથકમાં આર્મ્સ એક્ટ મુજબનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પકડાયેલ આરોપીઓ ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

મોહમ્મદ કેઝર ઉર્ફે મીંડી વિરુદ્ધ ૧૨ જેટલા ગુનાઓ નોંધાયેલા છે..જેમાં ૧૦ જેટલા ગુના અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશન અને રાંદેર અને લાલગેટ પોલીસ મથકમાં એક – એક ગુનો નોંધાયેલો છે. આ ઉપરાંત આદિલ હુસેન વિરુદ્ધ અઠવાલાઈન્સ પોલીસ મથક અને નદીમ હુસૈન ઉર્ફે મંજરા વિરુદ્ધ અઠવા પોલીસ મથકમાં ગુનો નોંધાયેલો છેપહાલ આરોપીઓ પકડાઈ જતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આપની આજ.......

મેષઃ આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

વૃષભઃ આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે.

મિથુનઃ તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

કર્કઃ આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે. આધ્યાત્મિકતા અને ધર્મમાં રસ વધશે.

સિંહઃ તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

કન્યાઃ આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

તુલાઃ ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો. આમાંની કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે

વૃશ્ચિકઃ આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

ધનઃ આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો. આજે પણ તે ચિંતા તમને પરેશાન કરી શકે છે.

મકરઃ આજનો દિવસ ઈચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

મીનઃ આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો. ખૂબ જ ટૂંક સમયમાં સમય બદલાશે અને બધુ જ પહેલા જેવું પરફેક્ટ થઈ જશે. આ સમયે, કોઈ નવી યોજનાનો પ્રયાસ કરવાનું ટાળો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ નગરના વિવિધ મંદિરોમાં હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



ઝાલોદ,
તારીખ ૨૩-૦૪-૨૦૨૩ ચૈત્ર સુદી પૂનમ મંગળવારના રોજ પૃથ્વી પરના અજર અમર અને સાક્ષાત દેવતા એવા હનુમાનજી ભગવાનનો જન્મોત્સવ વણકતલાઈ હનુમાનજી મંદિરે ધાર્મિક વાતાવરણ વચ્ચે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. હિન્દુ દેવતા તેમજ રામ ભગવાનના પરમ ભકત એવા હનુમાનજી ભગવાનના દર્શન કરવા સવારથી જ વણકતલાઈ હનુમાનજી મંદિરે ભાવિક ભક્તોનુ ઘોડાપુર ઉમટી પડયું હતું. હનુમાન જન્મોત્સવ નિમિતે પોતાની શ્રદ્ધા અને આસ્થા પ્રમાણે વણકતલાઈ હનુમાનજી મંદિરે ભગવાનને ભોગ ધરાવવા ભક્તો ઉમટી પડ્યા હતા.

બળ, બુદ્ધિ, વિદ્યા અને ભક્તિના દેવતા એવા અંજની અને કેસરીના પુત્ર ભાગવાન હનુમાનજીના જન્મોત્સવ નિમિત્તે નગરના દરેક મંદિરોમા વિવિધ ધાર્મિક પ્રોગ્રામ રાખવામાં આવ્યા હતા આ દરેક પ્રોગ્રામને સનાતન હિન્દુ સમાજના દરેક લોકોએ ભેગા મળી સફળ બનાવ્યું હતું. હનુમાનજી ભગવાન પોતાની ભક્તિથી શ્રી રામને સમર્પિત થઈ ભક્તિના રંગે રંગાયેલ દેવતા છે, એટલે ગ્રંથોમાં કહેવામાં આવેલ છે કે હનુમાનજીને જે ભક્ત સમર્પિત થઈ ભાવ ભક્તિ થી પૂજે છે. તેની પૂજા પ્રભુ રામ તુરંત સ્વીકાર કરે છે અને તેની દરેક મનોકામનાઓ પૂર્ણ કરે છે. હનુમાનજી ભાગવાન શંકર ભગવાનના અંશ તરીકે ઓળખાય છે તેમજ હનુમાનજી ભગવાનનો જન્મ ત્રેતાયુગમા ભાગવાન શ્રી રામની મદદ કરવા માટે થયેલ હતો. ભગવાન હનુમાનજી ભક્તિ કરવાથી તેઓ તુરંત પ્રભાવિત થાય છે અને તુરંત ભક્તોની મનોકામના પૂર્ણ કરનાર દેવતા છે.

નગરનું સૌથી પૌરાણિક એવું વણકતલાઈ હનુમાનજી મંદિર વર્ષો થી ભક્તોની આસ્થા અને ભક્તિ સાથે સંકળાયેલુ છે. વણકતલાઈ મંદિર પહેલા ખૂબ નાનું હતું. જેમ જેમ ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થતી ગઈ તેમ તેમ ભક્તોનો વિશ્વાસ આ મંદિર પર વધુ મજબૂત બનતો ગયો. આજે નગરજનો અને ભાવિક ભકતોના સહયોગથી વણકતલાઈ હનુમાનજી મંદિર વિશાળ અને ભવ્ય બની ગયેલ છે. વણકતલાઈ મંદિરે ભક્તોની મનોકામનાઓ પૂરી થતા પોતાની શ્રદ્ધા મુજબ ભકતો સવામણી કરતા હોય છે. વણકતલાઈ મંદિર પર આસરે ૪૨ વર્ષ પૂર્વે થી હનુમાન જન્મોત્સવ ખૂબ ધામધૂમથી મનાવવામાં આવી રહેલ છે.

વણકતલાઈ હનુમાનજી મંદિરે સાંજે ચાર વાગ્યે નગરના સુંદરકાંડ મંડળ દ્વારા સંગીતમય ભજન સાથે સુંદરકાંડ પાઠ કરવામાં આવ્યો હતો. સાંજે વણકતલાઈ હનુમાનજી મંદિર રોશની થી ઝગમગી ઉઠયું હતું. તેમજ મંદિર પર દર્શનાર્થીઓનો ઘસારો વધતા મેળા જેવો માહોલ સર્જાયો હતો. નગરના આરાધ્ય દેવ અને સૌની મનોકામના પૂર્ણ કરનાર દેવતાના દર્શન કરી સહુ પોતાને ભાગ્યશાળી માનતા હતા. સુંદરકાંડ પત્યા બાદ મહાઆરતી યોજાઈ હતી. આસરે ૧૨,૦૦૦ થી વધુ ભાવિક ભક્તોએ દર્શન કર્યા હતા. તેમજ ૭૦૦૦ થી વધુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો.

વણકતલાઈ મંદિરના રૂટ પર સતત ટ્રાફિક વ્યવસ્થા તેમજ કોઈ પણ જાતના અણબનાવ ન બને તે હેતુથી ઝાલોદ પોલીસ દ્વારા સુંદર વ્યવસ્થા સાચવવામાં આવી હતી.

# દાહોદ એલ.સી.બી.પોલીસે રાજકોટ પોલીસ મથકના વોન્ટેડ અને વડોદરા છાણી પોલીસ મથકના બે વોન્ટેડ ઈસમોને ઝડપ્યા

દાહોદ,
રાજકોટ શહેર ડીસીબી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જી.સી.ટી.ઓ.સી. એકટના ગુનામાં નાસ્તા ફરતા આરોપીને તેમજ વડોદરા શહેર છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીના ગુનામાં નાસ્તા ફરતા આરોપી મળી કુલ બે આરોપીઓને દાહોદ એલસીબી પોલીસે તેઓના આશ્રય સ્થાનેથી ઝડપી પાડી દિલના સળિયા પાછળ થકી લીધાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં પ્રોહીની પ્રવૃત્તિઓને અટકાવવા, નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા, જુગારની પ્રવૃત્તિઓ પર લગામ કસવા, અસામાજીક તત્વોને ઝડપી પાડવા તેમજ વિવિધ ગુનાઓમાં સંડોવાયેલ ઈસમોને ઝડપી પાડવા માટે દાહોદ જીલ્લા પોલીસ વડાની સૂચના તેમ જ માર્ગદર્શન હેઠળ હાલ જીલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી છે. ત્યારે દાહોદ એલસીબી પોલીસને મળેલ ભાદમીના આધારે રાજકોટ શહેર ડીસીબી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જી.સી.ટી.ઓ.સી. એકટના ગુનામાં નાસ્તા ફરતા આરોપી સુભાષભાઈ નવરીયાભાઈ ભાભોર (રહે. છરછોડા, ખરાડ ફળિયુ તા. ગરબાડા, જી. દાહોદ)ને તેમજ વડોદરા શહેર છાણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચોરીના ગુનામાં નાસ્તા ફરતા આરોપી ભીમાભાઈ સમસુભાઈ મોહનિયા રહે. ઉંડાર, તા. ધાનપુર, જી. દાહોદ) નવો ને પોલીસે જુદી જુદી ટીમો બનાવી તેઓના આશ્રય સ્થાનેથી ઝડપી પાડ્યા હતા. દાહોદ એલસીબી પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ એલ.સી.બી.પોલીસે ત્રણ બુટલેગરોને પાસા હેઠળ અટકાયત કરી જેલમાં મોકલી આપ્યા

દાહોદ,
પ્રોહિબિશનની અસામાજીક પ્રવૃત્તિમાં સંડોવાયેલ ત્રણ પ્રોહી બુટલેગરોને પાસા ધારા હેઠળ દાહોદ એલસીબી પોલીસે અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ, જીલ્લા જેલ ભાવનગર તેમજ જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપ્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં ગેરકાયદેસર દારૂ ઘૂસડવાની તેમજ હેરાફેરી કરી પ્રોહીના ગુનામાં સંડોવાયેલ ઈસમો તેમજ લિસ્ટેડ બુટલેગરોની દાહોદ પોલીસે આયોજન બંધ યાદી તૈયાર કરવા તેમજ ઘણા લાંબા સમયથી પાછા વોરંટ ફરાળી આરોપીઓની માહિતી એકત્રિત કરી તેઓને ઝડપી પાડવા માટે દાહોદ એલસીબી પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરતા જેમાં લીમખેડા, દાહોદ રૂરલ તેમજ ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ પ્રોહી બુટલેગરો વિરૂદ્ધ દાહોદ જીલ્લા કલેકટર દ્વારા પાસા વોરંટ કરી અટકાયત કરવાનો હુકમ કરતા દાહોદ એલસીબી પોલીસે નીતિનભાઈ જંગલસિંહ તડવી (રહે.ચિલાકોટા,જૂનાગામ ફળિયું, તા. લીમખેડા, જી. દાહોદ), જયભાઈ લાલુભાઈ બારીયા (રહે. ચોસાલા, રવાળા ફળિયુ, તા. જી. દાહોદ) ઝાલાભાઈ ઉર્ફે જાલાભાઈ હરસિંગભાઈ દેહદા (રહે. દેવધા, ખાનનદી ફળીયું લ, તા.ગરબાડા, જી. દાહોદ) નાઓને તેઓના આશ્રય સ્થાનેથી દાહોદ એલસીબી પોલીસે ઝડપી પાડી મધ્યસ્થ જેલ રાજકોટ, જીલ્લા જેલ ભાવનગર તેમજ જીલ્લા જેલ જામનગર ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.

# ચાકલીયા પોલીસે ૬૦,૪૮૦ના વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો





દાહોદ,
ઝાલોદ તાલુકાના ચાકલીયા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ જે.કે.રાઠોડ દાહોદ જીલ્લા પોલીસ અધિક્ષકના આદેશ મુજબ ગુનાખોરી ડામવા તેમજ આવનાર લોકસભાની ચુંટણીને લઈ કાયદો વ્યવસ્થા સાચવવા સારૂં પોલીસ સ્ટાફ સાથે પેટ્રોલીંગમા હતા. તે દરમ્યાન એક ઈસમ ગેરકાયદેસર રીતે વિદેશી દારૂનો જથ્થો લઈને આવી રહેલ હોવાની બાતમી મળેલ હતી. બાતમી મુજબ ચાકલીયા પી.એસ.આઈ જે.કે. રાઠોડ પોતાના પોલીસ સ્ટાફ સાથે છાયણ, કાળાપીપળ નવા બની રહેલ કોરીડોર રસ્તાની બાજુમાં જંગલ વિસ્તારમાં મોટરસાયકલ MP-45-MD-0763 લઈને આવતા વાહન રોકી તપાસ કરાતા વિદેશી દારૂ મળી આવેલ હતો.

પોલીસ દ્વારા ઈસમનુ નામ પૂછવામાં આવતા તેણે પોતાનું નામ રાજેશ કાળિયા સીંગાડીયા (ગોરીયાખાંધા, થાંદલા, મધ્યપ્રદેશ) જણાવ્યું હતું. આ ઈસમ પાસે તપાસ કરાતા તેની પાસે થી બિયરની કુલ-૨૧ પેટી જેમાં કુલ ૫૦૪ નંગ બિયરની બોટલો જેની અંદાજીત કિંમત ૬૦,૪૮૦ છે અને મોટરસાયકલની કિંમત ૩૦,૦૦૦ થઈ કુલ ૯૦,૪૮૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી એક ઈસમની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ઝાલોદના પ્રથમપુરા ગામની પરણિતાને પતિ અને સાસરીયા દ્વારા ત્રાસ આપતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,
છેલ્લા એક વર્ષથી નજીવી બાબતે ઝઘડો તકરાર કરી મારકૂટ કરી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી પતિ તથા સાસરિયાંઓ દ્વારા ગુજારાતા શારીરિક અને માનસિક ત્રાસથી વાજ આવેલ ઝાલોદની ૩૨ વર્ષીય પરિણીતાએ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનને ફરિયાદ નોંધાવ્યાનું પોલીસ સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના પ્રથમપુર ગામે તળ ફળિયામાં રહેતી ૩૨ વર્ષીય પિંકલબેન નામની નોકરીયાત મહિલાના ફૂલહાર તારીખ ૧૧-૫-૨૦૨૩ ના રોજ તેઓના સમાજના રીતરિવાજ મુજબ ઝાલોદના સંતરામપુર રોડ પર આવેલ સૂચિત કર્મચારી સોસાયટીમાં રહેતા અભિષેકભાઈ જીગ્નેશભાઈ કટારા સાથે થયા હતા. લગ્ન બાદ સાસરીમાં આવેલ પિંકલબેનને તેના પતિ તથા સાસુ, સસરા તેમજ દિયરે એકાદમાસ સારૂં રાખ્યું હતું અને ત્યારબાદ તે સૌનું પોત પ્રકાશ્યું હતું. અને પિંકલબેનના સસરા જીગ્નેશભાઈ જેમ્સભાઈ કટારા, તેની સાસુ ઈન્વેન લીનાબેન જીગ્નેશભાઈ કટારા તથા દિયર આશુતોષભાઈ જીગ્નેશભાઈ કટારા વગેરેની ચડામણીથી તેના પતિ અભિષેકભાઈ કટારાએ નજીવી બાબતે પણ ઝઘડા તકરાર કરી મારકૂટ કરી તથા જાનથી મારી નાખવાની ધાક ધમકીઓ આપી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતા હોઈ, આવા રોજ રોજના ત્રાસથી વાજ આવેલ પિંકલબેને તેના પતિ અભિષેકભાઈ કટારા, સસરા જીગ્નેશભાઈ કટારા, સાસુ ઈન્વેનલીનાબેન કટારા તેમજ દિયર આશુતોષ કટારા વિરૂદ્ધ દાહોદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે ઈપીકો કલમ ૪૯૮(ક), ૩૨૩, ૫૦૪, ૫૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેઓની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# ફતેપુરાના જવેસી ગામે ધાબા ઉપરથી અચાનક પડી જતાં ૩૦ વર્ષીય યુવાન પડી જતાં મોત

દાહોદ,
દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના જવેસી ગામે મોડી રાતે વાદળછાયું વાતાવરણ થવાને કારણે મકાનના પાળા ફિટ વગરના ધાબા પર સૂકવેલા ઘઉં પર તાડપત્રી નાખવા ધાબે ચડેલા ૩૦ વર્ષીય યુવકનો પગ અચાનક લપસી જતા ધાબા પરથી નીચે પટકાતા તેને માથામાં ગંભીર ઈજાઓ થતા તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યુ હોવાનું જાણવા મળ્યું છે.

જવેસી ગામના ૩૦ વર્ષીય રાકેશભાઈ વીરસિંગભાઈ ભેદી અને તેની પત્ની પરમદિવસ તારીખ ૨૨મી એપ્રિલના રોજ રાત્રિના સમયે જમી પરવારી પોતાના ઘરના આંગણામાં ખાટલા ઢાળી સુતા હતા. મોડી રાતે વાદળછાયુ વાતાવરણ થતા પોતાના ઘરના પાળાફિટ વગરના ધાબા પર સૂકવેલા ઘઉં ઉપર તાડપત્રી ઢાંકવા માટે રાકેશભાઈ ભેદી પોતાના ઘરના પાળા ફિટ વગરના ધાબા પર ગયા હતા અને ઘઉં પર તાડપત્રી ઢાંકી રહ્યા હતા. તે દરમિયાન અચાનકતેઓનો પગ લપસી જતા તેઓ ધાબા પરથી ઉંધા માથે નીચે પટકાતા તેઓને માથામાં પાછળના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેઓને સારવાર માટે તાબડતોબ નજીકના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. આ સંબંધે મરણ જનાર રાકેશભાઈ ભેદીના નાના ભાઈ મુકેશભાઈ વીરસિંગભાઈ ભેદીએ સુખસર પોલીસ સ્ટેશન મથકે જાણ કરતા આ સંદર્ભે પોલીસે સીઆરપીસી ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળિયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

# ગોધરા બામરોલી રોડ પાશ્વનાથ નગરમાં ૪૦ વર્ષિય શિક્ષક ઘરેથી બેંક જવાનું કહી કયાંક ચાલ્યા જતાં ફરિયાદ

ગોધરા,
ગોધરા બામરોલી રોડ પાશ્વનાથ નગરમાં રહેતા અને સીમલીયાની મુવાડી પશ્ચિમ પ્રા.શાળાના શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તે ૨૨ એપ્રિલના રોજ બેંકનુ કામ પતાવીને આવવાનુ કહી નીકળી કયાંક ગુમ થયેલ હોવા બાબતે ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા બામરોલી રોડ પાશ્વનાથ નગરમાં રહેતા પ્રદિપભાઈ દુધાભાઈ વણકર જે સીમલીયા મુવાડી પશ્ચિમ પ્રા.શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હોય તે ૨૨ એપ્રિલના રોજ પોતાના ઘરેથી બેંકનુ કામ પતાવીને આવવાનુ કહી નીકળ્યા બાદ કયાંક ચાલી જઈ ગુમ થયાની ફરિયાદ ગોધરા એ-ડીવીઝન પોલીસ મથકે નોંધાવવા પામી છે.

# ઝાલોદ વણકતલાઈ હનુમાનજી મંદિરે મતદાન જાગૃતિ માટે સેલ્ફી પોઈન્ટ મુકવામાં આવ્યો



ઝાલોદ,
નગરમાં મતદાન ૧૦૦% થાય તે માટે ચૂંટણી કમિશનર દ્વારા મતદાન વધુમાં વધુ કરાવવા માટે નગરપાલિકાના સહયોગથી આજે હનુમાન જન્મોત્સવના દિવસે મંદિરે એક સેલ્ફી પોઈન્ટ મૂકવામાં આવ્યો હતો. આજે હનુમાન જન્મોત્સવ હોવાથી આ મંદિરે અંદાજીત ૧૨૦૦૦ થી વધુ દર્શનાર્થીઓ મંદિરે દર્શન કરવા આવતા હોય છે. તેથી મતદાતા પોતાના મતનો અચૂક ઉપયોગ કરે અને સાથે સાથે બીજાને પણ મતદાન કરવા જાગૃત કરે તે માટે નગરપાલિકા દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દર્શનાર્થીઓ માટે પણ આ નવો અનુભવ જોવા મળ્યો હતો. તેમજ આવતા જતા દર્શનાર્થીઓ મતદાન અચૂક કરીશ તે માટે મુકેલ સેલ્ફી પોઈન્ટ સાથે ફોટોગ્રાફ પાડતા જોવા મળ્યા હતા.

# સવારે આઠ વાગ્યાથી દસ વાગ્યા સુધી ખાનગી બસ સંચાલકોની બસ શહેરમાં આવી નહી શકે

અમદાવાદ,
અમદાવાદના ખાનગી બસ સંચાલકોને કોર્ટનો ઝાટકો લાગ્યો છે. ખાનગી બસ સંચાલકોની અપીલને હાઈકોર્ટે ફગાવી દીધી છે. હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે સવારે આઠ વાગ્યાથી દસ વાગ્યા સુધી ખાનગી બસ સંચાલકોની બસ શહેરમાં આવી નહી શકે.

કોર્ટે સવાલ કર્યો હતો કે છેલ્લા ૧૮ વર્ષમાં શું કોઈ સ્થિતિ બદલાઈ નથી. કોર્ટે જણાવ્યું હતું કે તે સમયે શહેરમાં વાહનોની જંગી ફોજ ન હતી, તેથી લકઝરી બેરોકટોક આવે ત્યારે તે સમયે કોઈને વાંધો ન હતો. હવે શહેરમાં દ્વિચક્રી વાહનોનો કાફલો છે. આ સંજોગોમાં કમસેકમ ઓફિસ ટાઈમમાં તો મોટા અને ભારે વાહનો ચલાવવા શક્ય નથી. તેના લીધે અકસ્માત પણ વધ્યા છે.

# સિંહોના મોતના મુદ્દે વિભાગો દ્વારા અપાતી 'ખો'થી ગુજરાત હાઈકોર્ટ નારાજ

અમદાવાદ,
ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે ભારતીય રેલ્વે અને વન વિભાગની કામગીરીમાં ભૂલ કરનાર અધિકારીઓને જવાબદાર ઠેરવવા અને જાન્યુઆરીમાં રેલવે ટ્રેક પર ત્રણ સિંહોના મૃત્યુનું કારણ શોધવા માટે ઉચ્ચ સ્તરીય તપાસનો આદેશ આપશે. વિભાગોએ તેમના "સ્કેચી" તપાસ અહેવાલો માટે જણાવ્યું હતું અને કહ્યું હતું કે અદાલત વિભાગીય પૂછપરછ અને વંશવેલોના તળિયે રહેલા લોકોને નોકરીમાંથી કાઢી મૂકવાથી સંબંધિત નથી.

એશિયાટિક સિંહોના અકુદરતી મૃત્યુ અંગે હાઈકોર્ટની બેન્ચ સુઓ મોટુ પીઆઈએલની સુનાવણી કરી રહી છે. ખંડપીઠે બે અકસ્માતોમાં સિંહોના મૃત્યુની તપાસ અંગે અસંતોષ વ્યકત કર્યો હતો અને પ્રશ્ન કર્યો હતો કે વિભાગના વડાઓએ તપાસ અહેવાલ કેમ માંગ્યો નથી.

# નીતિન ગડકરી મંચ પર બેભાન બનીને ઢળી પડતાં અફરાતફરી, માંડ બચ્યાં





મુંબઈ,
મહારાષ્ટ્રના યવતમાલમાં એક ભાષણ દરમિયાન કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી સ્ટેજ પર જ ઢળી પડ્યા હતા. આને કારણે અફરાતફરી મચી હતી અને હાજર લોકો તેમને બચાવવા દોડ્યાં હતા. સ્ટેજ પર હાજર લોકોએ તેને તરત જ ઝડપી લીધાં હતા અને તરત તેમને હોસ્પિટલ લઈ ગયાં હતા. તેઓ યવતમાલમાં ચૂંટણી સભાને સંબોધિત કરી રહ્યાં હતાં ત્યારે આ ઘટના બની હતી. હાલમાં નીતિન ગડકરીની તબિયત સારી હોવાનું જણાવાઈ રહ્યું છે. તેમની સારવાર ચાલી રહી છે.

નીતિન ગડકરીનું મંચ પર ચક્કર ખાઈને ઢળી પડવું પહેલી વાર નથી. આ પહેલા બે વાર તેઓ આવી રીતે ચક્કર ખાઈને ઢળી પડ્યાં હતા. હકીકતમાં તેમને સુગરની બીમારી છે અને તેથી અવારનવાર તેમને ચક્કર આવતાં હોય છે યવતમાલમાં પણ આવું જ બન્યું હતું. કેન્દ્રીય માર્ગ પરિવહન પ્રધાન નીતિન ગડકરી નાગપુર લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર છે. નાગપુર બેઠક પર પ્રથમ તબક્કામાં મતદાન કરવામાં આવ્યું છે. અહીં ગડકરી કોંગ્રેસના વિકાસ ઠાકરે સામે છે. નીતિન ગડકરી અહીંથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે.

આ પહેલીવાર નથી કે જ્યારે ગડકરીની તબિયત અચાનક બગડી હોય. ૨૦૧૮માં મહારાષ્ટ્રના અહમદનગરમાં એક કાર્યક્રમ દરમિયાન તેઓ સ્ટેજ પર બેભાન બનીને ઢળી પડ્યાં હતા.

તેમની સાથે મહારાષ્ટ્રના તત્કાલીન રાજ્યપાલ વિદ્યાસાગર રાવ પણ હાજર હતા. રાજ્યપાલ જ તેમને સ્ટેજ પર લઈ ગયા હતા. ત્યારે એવું જણાવાયું હતું કે સુગર ઓછું હોવાથી ગડકરીને ચક્કર આવે છે તરત તેમને પાણી પીવડાવાયું અને પેંડા ખવડાવવામાં આવ્યા હતા. આ પહેલા એક રેલી દરમિયાન તેમની તબિયત બગડવાના સમાચાર આવ્યા હતા. વજન ઘટાડવા માટે નીતિન ગડકરીએ ઓપરેશન કરાવ્યું છે.

# ઈઝરાયેલી સેનાએ ગાઝાના રહેવાસીઓને ટૂંક સમયમાં વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે તણાવ વધી રહ્યો છે, બંને દેશો એકબીજા પર હુમલા કર્યા છે, ત્યારે ઈઝરાયેલી સેનાએ ગાઝાના ઉત્તરીય વિસ્તારોના રહેવાસીઓને તાત્કાલિક વિસ્તાર ખાલી કરવાનો આદેશ આપ્યો છે. અને કહ્યું છે કે, 'તમે જ્યાં રહો છો તે યુદ્ધ ક્ષેત્ર છે. હુમલો ગમે ત્યારે થઈ શકે છે. તેથી, તમારા પરિવાર સાથે આ વિસ્તાર છોડી દો.'ઈઝરાયેલે ઉત્તરી ગાઝા પટ્ટીના બીટ લાહિયા શહેરના રહેવાસીઓને આ વિસ્તારમાં નવા મોટા હુમલાની આશંકાથી તાત્કાલિક સ્થળાંતર કરવાનો આદેશ આપ્યો છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સિસના પ્રવક્તા અવિચાય અદ્રાઈએ મંગળવારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર એક પોસ્ટ લખીને વિસ્તારમાં રહેતા તમામ લોકોને ચેતવણી આપી હતી. તેમણે પોસ્ટમાં લખ્યું છે કે, 'તમે ખતરનાક યુદ્ધ ક્ષેત્રમાં છો. અહીં ગમે ત્યારે હુમલો થવાની શક્યતા છે. તેમણે કહ્યું કે સેના પાસે આ ક્ષેત્રમાં હમાસ વિરુદ્ધ મોટી તાકાત સાથે કાર્યવાહી કરવાની રણનીતિ છે.ઈઝરાયેલની બચાવ સેવાના જણાવ્યા અનુસાર, ગત મંગળવારે ગાઝાથી દક્ષિણ ઈઝરાયેલના શહેર સેડેરોટ તરફ ચાર રોકેટ છોડવામાં આવ્યા હતા. જેના કારણે હવાઈ હુમલાની સાયરન વગાડવામાં આવી હતી. જોકે આ હુમલામાં કોઈ જાનહાનિ થઈ નથી. રોકેટ પર છોડેલી ઈન્ટરસેપ્ટર મિસાઈલના કાટમાળને કારણે ગેરેજમાં આગ લાગી હતી. ઈઝરાયલે ગાઝાના રફાહમાં મિસાઈલ હુમલા કર્યા હતા. જોકે આ હુમલામાં કોઈના માર્યા ગયાના સમાચાર નથી આવ્યા, પરંતુ શરણાર્થી શિબિરમાં ઘણું નુકસાન થયું છે. જેના કારણે લોકોમાં ભારે ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત સલમાનભાઈ મન્નાભાઈ
તરફથી અભીનંદન....
મું. વિસલાંગા, તા. લીમખેડા. જી. દાહોદ.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાવત કેનાનભાઈ ફકરૂદ્દીન
તરફથી અભીનંદન....
મું. પરમારના ખાખરીયા, તા. લીમખેડા, જી. દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.206

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# પંચમહાલના વિવિધ એસોસીએશનની પહેલ, ૭ મેના રોજ વોટ કરશો તો ખરીદીમાં મળશે ૭ ટકા ડિસ્કાઉન્ટ



ગોધરા,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અનુસંધાને પંચમહાલ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આશિષ કુમારના માર્ગદર્શન હેઠળ ૧૮- પંચમહાલ સંસદીય વિસ્તારમાં વધુમાં વધુ લોકો ૭ મે ના રોજ લોકશાહીના પર્વમાં પોતાની ભાગીદારી સુનિશ્ચિત કરે તે માટે વિવિધ મતદાન જાગૃતિના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

૧૮-પંચમહાલ સંસદીય વિસ્તાર અંતર્ગત આજરોજ જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર આશિષ કુમારની અદયક્ષતામાં કલેકટર કચેરી સભાખંડ,ગોધરા ખાતે જીલ્લાના વિવિધ એસોસિએશનના પ્રમુખો અને પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. જીલ્લા ચૂંટણી અધિકારીની અપીલ હેઠળ વિવિધ એસોસિએશનના પ્રતિનિધિઓએ આગામી ૭ મે ના રોજ યોજાનાર લોકસભા ચુંટણીમાં મત આપનાર લોકોને વિવિધ ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવાનું સર્વસંમતિથી જાહેર કર્યું હતું.

બેઠકમાં કેમિસ્ટ એસોસિએશન દ્વારા ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ, જવેલર્સ એસોસિએશન દ્વારા ચૂંટણીમાં મત આપનાર લોકોને સાત દિવસ સુધી મેકિંગ ચાર્જ પર ૭ ટકા ડિસ્કાઉન્ટ, ટુ વ્હીલર એસોસિએશન દ્વારા વોટિંગ બાદ જ્યા સુધી ચિહ્ન દેખાય ત્યાં સુધી ૭ ટકા ડિસ્કાઉન્ટ, શહેરા ડોક્ટર એસોસિએશન દ્વારા કન્સલ્ટન્ટ ફી નહીં લેવાનો નિર્ણય, વેપારી એસોસિએશન દ્વારા ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ, વાસણ એસોસિએશન હાલોલ, હોટલ નીલકંઠ હાલોલ, મહેશ્વરી ટ્રેડર્સ, બંસલ સુપર માર્કેટ સહિત તમામ એસોસિએશન દ્વારા મત આપનાર લોકોને ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

આ માટે ગોધરા નગરપાલિકા વેપારી એસોસીએશન દ્વારા ગોલ્ડ સિવાય ૭૦૪ દુકાનો ખાતે મત આપનાર લોકોને ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. મીઠાઈ ફરસાણની દુકાનો પર એક હજારની ખરીદી પર ૭ ટકા ડિસ્કાઉન્ટ આપવામાં આવશે. બેઠકમાં એસોસિએશનના હોદ્દેદારો દ્વારા સર્વ સંમતિથી ૭ ટકા ડિસ્કાઉન્ટની જાહેરાત કરાઈ હતી.

જીલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જીલ્લાવાસીઓને ૭ મે ના રોજ વધુમાં વધુ પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા આહવાન કર્યું હતું.

આજની બેઠકમાં અધિક જીલ્લા કલેકટર એમ.ડી.ચુડાસમા, સ્વીપ નોડલ અને જીલ્લા શિક્ષણાધિકારી કિરીટ પટેલ સહિત વેપારી એસોસિએશનના પ્રમુખો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# પંચમહાલ લોકસભા ચુંટણી પહેલા શહેરા કોંગ્રેસના દુષ્યંતસિંહ ચૌહાણે તેમના ૪૦ કરતાં વધુ સમર્થકો સાથે કોંગ્રેસ માંથી રાજીનામું આપ્યું



શહેરા,

પંચમહાલ લોકસભાની ચૂંટણીના માહોલમા શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તેમજ ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિ ડેલીગેટ દુષ્યંતસિંહ ચૌહાણ સહિત ૪૦ કરતાં વધુ કાર્યકરોએ હોદ્દા અને પદ પરથી રાજીનામાં આપ્યા હતા. તાલુકા કોંગ્રેસ અગ્રણી સહિત અન્ય કાર્યકરોએ કોંગ્રેસને રામ... રામ... કરતા લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મોટું નુકશાન ભોગવવું પડે તો નવાઈ નહી

પંચમહાલ લોકસભા ભાજપનો ગઢ ગણાતી હોય તેવા સમયે કોંગ્રેસ પક્ષના ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ ડેલિગેટ દુષ્યંતસિંહ ચૌહાણ સહિતના અમુક કાર્યકરોમા ઉમેદવારને લઈને ક્યાંક ને ક્યાંક છુપી નારાજગી જોવા મળી રહી હતી. જેને લઈને શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ આરતસિંહ પટેલ, તાલુકા કોંગ્રેસ અગ્રણી રંગીત પગી, તાલુકા યુથ પ્રમુખ દિલીપસિંહ પરમાર તેમજ ખેડૂત સેલ પ્રમુખ રતનસિંહ બારીયા, કમલેશ પરમાર, રાહુલ પગી સહિતના કાર્યકરો કોંગ્રેસ અગ્રણી દુષ્યંતસિંહ ચૌહાણના નિવાસસ્થાને એકત્રિત થયા હતા. કોંગ્રેસ અગ્રણી દુષ્યંતસિંહ ચૌહાણ સાથે તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સહિતના કાર્યકરોએ એક કલાક સુધી જરૂરી ચર્ચા કરીને હોદ્દા અને પદ પરથી રાજીનામા આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. દુષ્યંતસિંહ ચૌહાણએ તમામ હોદ્દા અને પદ પરથી રાજીનામું આપ્યા બાદ શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ આરતસિંહ પટેલ, રંગીત પગી સહિત ૪૦કરતાં વધુ કાર્યકરોએ પણ રાજીનામાં આપી દેતા લોકસભાની ચૂંટણીના માહોલમાં કોંગ્રેસમાં ભડકો થયો હોય જેના કારણે આ ચૂંટણીમાં કોંગ્રેસને નુકશાન થઈ શકે તેવી શક્યતાઓ પણ રહેલી હોવા સાથે ઉમેદવાર ગુલાબસિંહ ચૌહાણને મતદારોને પોતાની તરફેણ કરવા માટે વધુ મહેનત કરવી પડે તો નવાઈ નહી, જોકે તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત મહત્વના કાર્યકરોએ કોંગ્રેસને રામ...રામ... કરતા હવે જોવું રહ્યું કે, લોકસભાની ચૂંટણીના માહોલમાં કોંગ્રેસ પક્ષ શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખની જવાબદારી કોણે સોંપવામાં આવશે, તેના પર સૌની મીટ મંડાઈ હતી. દુષ્યંતસિંહ ચૌહાણ અને તેમના સમર્થકો આવનારા દિવસોમાં ભાજપમાં જોડાઈ શકે તેવી ચર્ચાઓ રાજકીય ક્ષેત્રે અને લોકોમાં થઈ રહી હતી.

# ગોધરા છબનપુર ઈજનેરી કોલેજ પાસે ચ્હા કીટલી ધરાવતા વ્યકિતના પુત્રએ યુ ટયુબ ચેનલના માધ્યમથી વિદ્યાર્થીઓએ મદદ કરી




ગોધરા,

ગોધરા પાસેના છબનપુર ગામે રહેતા અને સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા પાસે ચા ની કીટલી ધરાવતા ધનાભાઇ ગઢવીના સુપુત્ર હિતેશભાઈ ગઢવીને એમની YouTube ચેનલ "EduGadhvi" ના ૧ લાખ કરતા વધારે સબ્સ્ક્રાઇબર થવાથી YouTube દ્વારા સિલ્વર પિન ભેટ આપવામાં આવી હતી. હિતેષભાઇ ગઢવી પોતે BSc Physics ગોલ્ડમેડાલિસ્ટ છે, ઉપરાંત MSc Physics થયેલ છે. હાલ તેમની ચેનલના માધ્યમ થી ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને જરૂરિયાત મુજબ Physicsનું જ્ઞાન આપી રહ્યા છે. તેમની આ સિદ્ધિ બદલ તેમને સમસ્ત ગ્રામજનો, ગઢવી સમાજ, સરકારી ઈજનેરી કોલેજ પરિવાર, હિતેષભાઇના શિક્ષકો, પ્રાધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતો.

# શહેરાના મોરવા ગામ ખાતે જોધલપીર બાપુની જન્મ જયંતીની ઉજવણી કરાઇ

શહેરા,

શહેરા તાલુકાના મોરવા રેણા ગામ ખાતે જોધલપીર બાપુની જન્મ જયંતીને લઈને સદ્દગુરૂ સેવા મંડળ દ્વારા શોભાયાત્રા સહિત અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂ મહારાજ બાલકૃષ્ણ બાપુની વિશેષ ઉપસ્થિતિમાં મંદિર ખાતે ભજન કીર્તનની રમઝટ જામી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય સભાના સાંસદ જશવંતસિંહ પરમાર ઉપસ્થિત રહેતા તેમનું સદ્દગુરૂ સેવા મંડળ દ્વારા ફુલહાર પહેરાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. જોધલપીર બાપુની જન્મ જયંતીને લઈને મંદિર ખાતે દિવસ દરમિયાન ભક્તોની દર્શન કરવા માટે અવર જવર રહેવા સાથે દર્શને આવેલા ભક્તોએ પ્રસાદીનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી.

# શહેરાના મંગલપુર ચોકડી પાસે ઈકો ગાડીએ વેગનઆરને ટક્કર મારતા બે વ્યકિતને ઈજાઓ

શહેરા,

શહેરા મંગલપુર ચોકડી પાસે ઈકો ગાડીના ચાલકે પોતાનુ પુરઝડપ હંકારી લાવી વેગનઆર ગાડીને ટક્કર મારી કારમાં સવાર બે વ્યકિતઓને ઈજાઓ પહોંચાડતા ફરિયાદ નોંધાવવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરાના મંગલપુર ચોકડી પાસે ઈકો ગાડી નં.જીજે-૦૯-બીઈ-૯૫૫૬ના ચાલકે પોતાનુ વાહન પુરઝડપે હંકારી લાવી જીજે-૦૩-કેએચ-૪૨૮૩ને ટક્કર મારતા કારમાં સવાર ભરતભાઈ ડામોર, જયદિપભાઈ મછારને ઈજાઓ પહોંચી હતી. તેમજ ભરતભાઈ ડામોરને કરોડરજ્જુના ભાગે ફ્રેકચર થયુ હતુ. આ અંગે ફરિયાદ નોંધાવવા પામી છે.

# જનરલ ઓબ્ઝર્વરની અધ્યક્ષતામાં ઈવીએમ મશીનનું બીજું રેન્ડમાઈઝેશન હાથ ધરવામાં આવ્યું



ગોધરા,

લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અંતર્ગત આગામી ૭ મે ના રોજ મતદાન થવાનું છે. ત્યારે ૧૮ પંચમહાલ સંસદીય વિસ્તારમાં ચૂંટણીલક્ષી કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આજરોજ સાત એ.સી.વાઇઝ જનરલ ઓબ્ઝર્વર છોટે સિંઘ (આઇએએસ)ની અધ્યક્ષતામાં તથા જિલ્લા ચૂંટણી અધિકારી આશિષ કુમારની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે બીજું રેન્ડમાઈઝેશન યોજાયું હતું. જેમાં જિલ્લાના ઉમેદવારો તથા રાજકીય પાર્ટીના પ્રતિનિધીઓએ ઈલેકટ્રોનિક રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા પ્રત્યક્ષ નિહાળી હતી.

બીજા ઈલેકટ્રોનિક રેન્ડમાઈઝેશનમાં કયા પોલિંગ બૂથ ખાતે કયા ઈવીએમ મશીનની ફાળવણી થશે એ અંતર્ગત રેન્ડમાઈઝેશન પ્રક્રિયા કરવામાં આવી હતી. જેમાં પોલિંગ સ્ટેશન ખાતે બેલેટ યુનિટ, કંટ્રોલ યુનિટ અને વીવીપેટના સેટની કયા પોલિંગ બૂથ ખાતે ફાળવણી થશે તે સોફ્ટવેર દ્વારા નક્કી કરાશે તે અંગે રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા કરવામાં આવી હતી.

નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી ડો.પી.કે.ડામોરએ રેન્ડમાઈઝેશન દરમિયાન જિલ્લાના દરેક વિધાનસભા મતવિસ્તારને તેના મતદાન મથકની સંખ્યાના ૧૨૫% લેખે બેલટ યુનિટ, ૧૨૫% લેખે કન્ટ્રોલ યુનિટ અને ૧૩૫% લેખે વીવીપેટ ફાળવણી વિશે જણાવ્યું હતું. પોલિંગ બૂથોને રિઝર્વ્ડ યુનિટોની ફાળવણીને કારણે કોઈ મશીનોમાં કોઈ ખામી સર્જાય તો પણ વધારાના યુનિટો દ્વારા વોટિંગની પ્રક્રિયા કરવામાં આવશે. કોઈપણ સંજોગોમાં વોટિંગની પ્રક્રિયામાં અવરોધ આવે નહિ તેની કાળજી રાખવામાં આવી છે.

રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા દરમિયાન સાતેય એ.સીના મદદનીશ ચૂંટણી અધિકારીઓ, ઈવીએમ/વીવીપેટના નોડલ ડી.એન.પટેલ સહિત ઉમેદવારો તથા રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલી ગામનો યુવાન અગ્નિવીર આર્મીની તાલીમ પૂર્ણ કરી માદરે વતન આવતા યુવાનનુ ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત કરાયું



કાલોલ

કાલોલ તાલુકાના ચલાલી ગામે અગ્નિવિર ફૌજી હર્ષદભાઈ આર્મીમાં સિલેક્ટ થઇ ટ્રેનિંગ પૂર્ણ કરી માદરે વતનમાં પાછા આવ્યા ત્યારે ગામમાં ખુશીનો માહોલ સર્જાયો હતો ચલાલી ગામના હર્ષદકુમાર લક્ષ્મણભાઈ ચૌહાણ નાનપણ થી ભારતીય સૈનામાં જોડાવાનું સ્વપનું જોતા હતા માતા - મામાં અને પરિવાર ના સહકાર અને સખ્ત પરિશ્રમ બાદ આ રાજપૂત સમાજના યુવાન નું સપનું સાહકાર થયું છે તેઓ ફૌજ ની ટ્રેનીંગ પૂર્ણ કરી માદરે વતન પરત આવ્યા ત્યારે ચલાલી ગામના સમસ્ત ગ્રામજનો દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું હર્ષદભાઈ ચૌહાણના પિતા લક્ષ્મણભાઈ ચૌહાણનું ઘણા વર્ષો પેહલા અવસાન થયું હતું ત્યાર બાદ હર્ષદભાઈની માતા કોકિલાબેન ચૌહાણે દરજીકામ કામ કરી પોતાના બે બાળકોને ભણાવી ગણાવી મોટા કર્યા હતા ત્યારે આજે તેમાનો એક પુત્ર હર્ષદભાઈ નાનપણ થી જ સૈન્ય માં જોડાઈ દેશ સેવા કરવા તેવા અરમાન ધરાવતો હતો માતાએ પણ પુત્ર ની ઈચ્છા ને સહર્ષ સ્વીકારી હર્ષદભાઈને તમામ સહકાર આપ્યો અને તે તનતોડ મહેનત કરવા લાગ્યો આખરે તેમની મહેનત રંગ લાવી હતી અને ભારતીય સૈન્ય માં પસંદગી પામ્યો હતો બાદ ભારતીય સૈન્ય ની ટ્રેનીંગ પૂર્ણ કરી વેજલપુર બસ સ્ટેન્ડ ખાતે આવી પહચતા તેઓનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને ચલાલી વતન મોટી રેલી ના સ્વરૂપે ડીજે સાથે પરત ફર્યો તો તેમના સાથી મિત્રો સહિત ગામના સમસ્ત લોકોએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું હર્ષદભાઈ ખુલ્લી કાર માં સવાર થઈ લોકોને પ્રણામ કરી ગામમાં પરિભ્રમણ કર્યું હતું વેજલપુર બસ સ્ટેન્ડ થી ચલાલી સુધી ડીજે સાથે ત્રિરંગો લહેરાવી ભવ્ય સ્વાગત કરાયુ હતુ. યુવાનના સ્વાગત માં મોટી સંખ્યામાં ગ્રામજનો, કુટુંબી જનો અને બાઇકો સાથે યુવાનો આવી પહોંચ્યા હતા ડીજે સાથે રેલી સ્વરૂપે યુવાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું માર્ગમાં ઠેર ઠેર ફૂલોનો વરસાદ વરસાવી અને ફૂલો ના હાર માળા પહેરાવી વંદે માતરમ અને ભારત માતા કી જય ના જય નારા સાથે સ્વાગત કરયું હતુ અને લોકોએ પણ પુષ્પ વર્ષા અને ફૂલો થી ભવ્ય સ્વાગત કર્યું હતું

# સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા મહા રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું




ગોધરા,

તા. ૨૪/૦૪/૨૦૨૪ ના રોજ ગોધરા શહેરમાં સંત નિરંકારી ચેરિટેબલ ફાઉન્ડેશન (સંત નિરંકારી મિશનનું સામાજીક વિભાગ) દ્વારા સંત નિરંકારી સત્સંગ ભવન, ભુરાવાવ રોડ, ગોધરા ખાતે રક્તદાન શિબિર નું આયોજન કરવામાં આવ્યું. જેમાં મિશનના અને ગોધરા શહેર તેમજ ગોધરાની આજુબાજુના ગામના અનેક નાગરિકોએ નિસ્વાર્થ ભાવથી રક્તદાન કર્યું. જેમાં ૩૦૦ થી વધુ રકત યુનિટ એકત્રિત કરવામાં આવ્યું. રક્ત એકત્રિત કરવા માટે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી,ગોધરાની ટીમ ઉપસ્થિત રહી હતી.

આ શિબિરનું ઉદ્ઘાટન દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ ભુપેન્દ્રભાઈ ગડરિયાના કર કમલો દ્વારા કરવામાં આવ્યું જેમાં ગોધરા બ્રાન્ચના સંયોજક અજયભાઈ ઈસરાનીજી તથા ગોધરા બ્રાન્ચના બહેન વિદ્યાબેનજી ઉપસ્થિત રહ્યા હતા. દાહોદ ઝોનના ઝોનલ ઈન્ચાર્જ એ રકતદાન શિબિરમાં ભાગ લેનાર તમામ રકતદાતાઓનું પ્રોત્સાહન વધારી અને જન કલ્યાણને સમર્પિત તેમની નિસ્વાર્થ સેવા અને બહુમૂલ્ય યોગદાનની પ્રશંસા કરી. આવેલ તમામ રકતદાતાઓ તથા આવેલ અતિથિગણ અને ડોકટરોની સાથે આવેલ એમની ટીમની હૃદયપૂર્વક બધાનું આભાર પ્રગટ કર્યું. એમને જણાવ્યું કે, ૧૯૮૬માં યુગદ્રષ્ટા બાબા હરદેવસિંહજી મહારાજ દ્વારા શરૂ કરાયેલ આ પરોપકારનું આ અભિયાન આજે એક મેગા અભિયાનના રૂપમાં તેની ટોચ પર છે.માનવજાતના કલ્યાણ માટે આજ સુધી ૮,૧૨૯ રકતદાન શિબિરોમાં અત્યાર સુધીમાં ૧૩,૩૩,૯૦૬ થી વધુ યુનિટ રકતનું દાન કરવામાં આવ્યું છે અને આ સેવાઓ અવિરતપણે ચાલુ છે.

# ગોધરા રેલ્વે પોલીસ એ મેમુ ટ્રેન નં.૯૧૩૧માંથી બેભાન અવસ્થામાં મળેલ ૩૮ વર્ષિય મહિલાને મૃત જાહેર કરતા વાલી વારસોની તપાસ હાથ ધરાઈ

ગોધરા,

ગોધરા રેલ્વે સ્ટેશનમાં મેમુ ટ્રેન નં.-૯૧૩૧માં ગાર્ડના કોચની આગળના કોચમાં ૩૮ વર્ષિય અજાણી મહિલા બેહોશ અવસ્થામાં પરેલ હોય જેની જાણ સ્ટેશન માસ્ટરને કરતા ૧૦૮ મારફતે સિવિલમાં લઈ જવાઈ હતી. જયાં અજાણી મહિલા મૃત જાહેર કરેલ હોય આ બાબતે ગોધરા રેલ્વે પોલીસે અકસ્માત મોત અન્વયે ગુનો નોંધી તેના વાલી વારસોની તપાસ હાથ ધરી હતી.

વિસ્તૃત માહિતી પ્રમાણે ગોધરા રેલ્વે સ્ટેશશ માસ્ટરનો મેમુ ટ્રેન નં.-૯૧૩૧માં ગાર્ડના કોચના આગળના કોચમાં અજાણી મહિલા (ઉ.વ.૩૮)બેહોશ અવસ્થામાં હોવાની જાણ કરવામાં આવતા સ્ટેશન માસ્ટર દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી બેભાન અવસ્થામાં મળેલ અજાણી મહિલાને સારવાર અર્થે ગોધરા સિવિલમાં લઈ જવાઈ હતી. ત્યારે હોસ્પિટલમાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. અજાણી મહિલાના વાલી વારસો મળી નહિ આવતા ગોધરા રેલ્વે પોલીસ દ્વારા અકસ્માત મોત અંગે ગુનો નોંધી મહિલાના વાલી વારસોની તપાસ હાથ ધરી છે.

# ગોધરા તાલુકાના દરૂણીયા ગામ નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા થતાં ગેરકાયદેસર રેતી ખનનને રોકવા માટે સરપંચ દ્વારા ખાણ ખનિજને રજુઆત

ગોધરા,

ગોધરા તાલુકાના દરૂણીયા ગામ માંથી પસાર થતી નેશનલ હાઈવે ૧૪૮ અને નદી માંથી કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર રીતે રેતી અને માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. ત્યારે દરૂણીયા પંચાયતના સરપંચ દ્વારા ગેરકાયદેસર માટી અને રેતી ખનન અટકાવવા માટે પંચમહાલ જીલ્લા ખાણ ખનિજ વિભાગને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા તાલુકાના દરૂણીયા ગ્રામ પંચાયત વિસ્તાર માંથી પસાર થતા નેશનલ હાઈવે ૧૪૮ અને દરૂણીયા ગામની નદી માંથી કેટલાક ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે રેતી અને માટીનું ખનન કરવામાં આવી રહ્યું છે. ગોધરાના દરૂણીયા ગામ માંથી પસાર થતા નેશનલ હાઈવે ૧૪૮માં સક્ષમ અધિકારીની પરવાનગી વગર અમુક ઈસમો દ્વારા જમીનનુંબારોબાર વેચાણ અને નોટીસ ઉપર આદિવાસી લોકોની સહીઓ કરાવી આવી જમીનમાંથી માટીનું વેચાણ કરવામાં આવી રહ્યું છે અને દરૂણીયા ગામ માંથી પસાર થતી નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે રેતી ખનન કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. ત્યારે આજરોજ દરૂણીયા પંચાયતના સરપંચ દ્વારા ગેરકાયદેસર રીતે થઈ રહેલા માટી અને રેતી ખનનને રોકવા માટે જીલ્લા ખાણ ખનિજ વિભાગને લેખિતમાં રજુઆત કરવામાં આવી છે.


## ફોર્મેટ ગ-૧

**ફોજદારી કેસોના એકરાર** (ઉમેદવારો માટે, અખબારો, ટી.વી. પ્રસિદ્ધ કરવા માટે)

(રીટ પીટીશન ( દિવાની) નંબર-૫૩૬/ ૨૦૧૧ (પબ્લિકી ઈન્ટરેસ્ટ ફાઉન્ડેશન અને અન્યો વિરૂદ્ધ ભારત સંઘ અને અન્યો )માં નામદાર સર્વોચ્ચ અદાલતના તા.૨૫ મી સપ્ટેમ્બર ૨૦૧૮ના ચુકાદા મુજબ)

ઉમેદવારનું નામ અને સરનામું :- મનોજસિંહ રણજીતસિંહ રાઠોડ, મું. જેઠીસિંહની મુવાડી, અસાયડી, પો. સણસોલી, તા.ગોધરા, જી.પંચમહાલ.

રાજકીય પક્ષનું નામઃ- અપક્ષ

ચુંટણીનું નામઃ- લોકસભા માટે યોજવામાં આવી રહેલ પ્રર્વતમાન સામાન્ય ચુંટણી લોકસભા-૨૦૨૪.

મતદાર વિભાગનું નામઃ- ૧૮-પંચમહાલ સંસદીય મતદાર વિભાગ.

હું મનોજસિંહ રણજીતસિંહ રાઠોડ ઉપરોક્ત્ત દર્શાવેલ ચુંટણી માટેનો ઉમેદવાર, મારા ગુનાહિત પૂર્વ ઈતિહાસ વિશેની નીચેની વિગતોની જાહેર જાણકારી માટે એકરાર કરૂ છું.

(એ) પડતર ફોજદારી કેસ

| ક્રમ નં. | અદાલતનું નામ | કેસનો નંબર અને તારીખ | કેસની સ્થિતી | સંબંધિત અધિનિયમોની કલમ (મો)અને ગુન્હા (ઓ)નું સંક્ષિપ્ત વિવરણ |
|---|---|---|---|---|
| ૧. | લાગુ પડતું નથી | ૧૧૨૦૭૦૫૬ ૨૦૦૮૨૫ તા. ૨૦/૦૩/૨૦૨૦ | ડીસ્પોસ થયેલ છે. | ઈ.પી.કો. કલમ ૧૮૮ જાહેરનામાનો ભંગ |

(બી) ફોજદારી ગુનાઓ માટે ગુનો સાબિત થયેલ કેસ અંગેની વિગતો

| ક્રમ નં. | અદાલતનું નામ હુકમ(મો)નીતારીખ(ખો) | ગુનો(ગુનાઓ) અને લાગુ થયેલી સજાનું વિવરણ | આપવામાં આવેલ મહત્તમ સજા |
|---|---|---|---|
| ૧. | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. | લાગુ પડતું નથી. |